**સુવિચાર**

દરેક વ્યકિત પોતાને બદલી શકે છે અને પોતાની તકદીરનો માલિક બની શકે છે. આપણે જે કંઈ પણ છીએ તે આપણા વિચારોના કારણે છીએ.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૧/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અયોધ્યા राम मंदिर

॥ जय श्री राम ॥

www.amreliexpress.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ પોષ સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૦૩૫



## ભગવાન શ્રીરામના ચરણોમાં શત્ શત્ વંદન...

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રીરામ મંદિરનાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે

અમારા તરફથી પ્રથમ ૨૦૦ ગ્રાહકોને સાંજે ૫ વાગ્યાથી કુલ્હડ ચા તદ્દન મફત...મફત... ઓફર કરી રહ્યા છીએ

KULHAD CHAI FREE
TADKA TREATS CAFE

વર્ધમાન બોકસ ક્રિકેટ ગ્રાઉન્ડ, વિદ્યાસભા સ્કૂલ પાસે, લાઠી રોડ, અમરેલી.

## ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રી રામ મંદિર નાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તેભગવાન શ્રી રામ નાં ચરણોમાં શત્ શત્ વંદન...

નહિં ઈન્જેકશન, નહિં કોઈ દુઃખાવો, નહિ પાટો કે નહિં પટ્ટી ખુલ્લી આંખે આવો અને ખુલ્લી આંખે જાઓ.
ઓપરેશન બાદ તુરંત જ દેખાવાનું શરૂ
૫ દિવસમાં રોજીંદુ કામકાજ કરી શકાય

ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ

### દ્રષ્ટિ આંખની હોસ્પિટલ

ડો. અભિષેક ઠાકર, મો. ૮૨૩૮૩ ૦૯૧૧૪
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

## ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...

अयोध्या राम मंदिर

SINCE 1987
CLARITY FINVEST
Right Ideas For Your Money
Investment & Insurance

जय श्री राम

### ક્લેરિટી ફિનવેસ્ટ

૭, પહેલોમાળ, મેગામોલ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
શૈલેષભાઈ કોટેચા : મો. ૯૩૭૭૪ ૪૮૬૪૪, ચિત્ત કોટેચા : મો. ૯૪૦૯૦ ૭૭૩૫૫


## દુઃખદ અવસાન/પ્રાર્થનાસભા

અમરેલીના અગ્રણીનાં ડો. ભરત કાનાબારનાં ધર્મપત્ની કીર્તિબેન કાનાબારનું તા. ૧૯-૦૧-૨૦૨૪નાં રોજ અવસાન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...



**સ્વ. કીર્તિબેન ભરતકુમાર કાનાબાર**
(ઉ.વ.૬૮)
સ્વ.તા. ૧૯/૦૧/૨૦૨૪, શુક્રવાર.

**સદ્‌ગતની પ્રાર્થનાસભા**
તારીખ : ૨૧-૦૧-૨૦૨૪, રવિવાર.
સમય : બપોરના ૩:૩૦ થી ૬:૩૦
સ્થળ : અજમેરા કન્યા વિદ્યાલય, સ્ટેશન રોડ, અમરેલી.

લી.

ડો. ભરત જસવંતરાય કાનાબાર

| | |
|---|---|
| સ્વ. જસવંતરાય ગોકળદાસ કાનાબાર | સ્વ. કુમુદબેન જસવંતરાય કાનાબાર |
| શ્રી પ્રકાશભાઈ જસવંતરાય કાનાબાર | કામિનીબેન પ્રકાશભાઈ કાનાબાર |
| જયેશકુમાર મનસુખલાલ સુબા | લતાબેન જયેશકુમાર સુબા |
| ડો. પ્રણવ પ્રકાશકુમાર કાનાબાર | કોમલબેન પ્રણવભાઈ કાનાબાર |
| નીલ ભરતભાઇ કાનાબાર | ખુશ્બુ નીલકુમાર કાનાબાર |
| અમી દિપકકુમાર રૂપારેલીયા | અદિતી દેવભાઈ હિંન્ડોચા |
| યોગિની મિતેશકુમાર પટેલ | જાહનવી મંથનભાઇ વસાણી |


## ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...

अयोध्या राम मंदिर

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રી રામ મંદિર નાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી રામ નાં ચરણોમાં શત્ શત્ વંદન...

... શ્રી રામભકત ...
**શ્રી જીલુભાઈ એમ. વાળા**
: પીઠવાજાળ :

## ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...

अयोध्या राम मंदिर

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રી રામ મંદિર નાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી રામ નાં ચરણોમાં શત્ શત્ વંદન...

जय श्री राम

### લીકવીડ હાઉસ

KIRAN LIQUID

દરેક પ્રકારની કલીનીંગ પ્રોડકટના મેન્યુફેકચરર - વોશીંગ લિકવીડ - ડીસવોશ - ટોઈલેટ - બાથરૂમ કલીનર ફીનાઈલ - હેન્ડવોશ - ફલોર કલીનર - સ્મોકલેસ એસીડ
લક્ષ્મી ડાયમંડ સામે, ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ (ગુજરાત)
Email : shrikiranliquid951@gmail.com
હેલ્પ લાઈન 74348 22333/74348 22444

## શું તમને સાંભળવાની તકલીફ છે ?

તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...

- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

### અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, **અમરેલી.**
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

## SAMSUNG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.

સેમસંગ ઇલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...

સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર

SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES

અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ

### રામ એન્ટરપ્રાઈઝ

હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૫૭

## RENTIO

Since 1935
દેસી તુવેર દાળ

અસલ દેસી
અસલ સ્વદેશી
રેન્ટિયો તુવેર દાળ

નવી સીઝનની દેસી દાળ

દાલ હો.. યા હો.. સાંભર ટેસ્ટ રહે મજેદાર...
ફાસ્ટર કુકીંગ... ટેસ્ટીઅર...
રેન્ટિયો એટલે દેસી દાળ

Follow Us : @RENTIOFOODS www.rentiofoods.com

## ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...

अयोध्या राम मंदिर

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રી રામ મંદિર નાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી રામ નાં ચરણોમાં શત્ શત્ વંદન...

॥ जय श्री राम ॥



... શ્રી રામભકત ...
**શ્રી મહેશ કસવાલા**
ધારાસભ્ય
સાવરકુંડલા-લીલીયા (ગુજરાત)
પ્રદેશ મંત્રી
ગુજરાત-ભાજપા

## અયોધ્યા ખાતે શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત

# અમરેલીનાં સુપ્રસિધ્ધ ''હરિઓમ ડેરી ફાર્મ'' દ્વારા ''રામ પ્રસાદ'' પેંડા બનાવાયા

જિલ્લાનાં ૫૧ રામજી મંદિર સહિત કુલ ૧૦૦ ધાર્મિક સ્થાનોમાં રામપ્રસાદ પેંડા પહોંચતા કરવામાં આવ્યા

અયોધ્યાની કાર સેવા કરનાર ૧૮થી વધુ કાર સેવક પરિવારોને પણ રામપ્રસાદ પેંડા પહોંચ્યા

રામપ્રસાદ પેંડાનાં વેચાણથી થતા નફાનો ધાર્મિક સત્કાર્ય માટે ઉપયોગ કરાશે

આરએસએસ અને વિહિપનાં કાર્યકર્તાઓએ હરિઓમ ડેરી ફાર્મને સહયોગ કર્યો



અમરેલી, તા. ૨૦

અયોધ્યા ખાતે ૫૦૦ વર્ષ પછી ભગવાન શ્રી રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ રહ્યો હોય તે સમયે સમગ્ર દેશમાં ''શ્રી રામ''નો જય જયકાર થઈ રહ્યો છે. તેવા સમયે અમરેલીનાં સુપ્રસિધ્ધ ''હિરઓમ ડેરી ફાર્મ'' દ્વારા રામ પ્રસાદ પેંડા બનાવવામાં આવ્યા છે.

જિલ્લાનાં જુદા–જુદા સ્થળોએ આવેલ ૫૧ રામજી મંદિર અને અન્ય મળી કુલ ૧૦૦ ધાર્મિક સ્થળોએ રામ પ્રસાદ પેંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે અને આ કાર્યમાં આરએસએસ અને વિશ્વ હિન્દુ પરિષદનાં કાર્યકરોએ સહયોગ કર્યો છે.

તદુઉપરાંત અયોધ્યાની કાર સેવા કરનાર ૧૮થી વધુ કાર સેવકોનાં પરિવાર સુધી પણ રામ પ્રસાદ પેંડા પહોંચતા કરવામાં આવ્યા છે તેમજ રામ પ્રસાદ પેંડાનાં વેચાણથી થતાં નફાનો ઉપયોગ ધાર્મિક સત્કાર્ય માટે કરવામાં આવશે.

આમ હરિઓમ ડેરી ફાર્મનાં બાંભરોલીયા પરિવારે તેમની ભગવાન શ્રી રામ પ્રત્યેની શ્રધ્ધા અને વિશ્વાસ દર્શાવ્યા છે.

### રોંગ સાઈડમાં આવતા ટ્રક ચાલકની બેદરકારી

## સાવરકુંડલાનાં અમરેલી માર્ગ ઉપર ટ્રક હડફેટે રીક્ષા આવી જવાથી મહિલાનું મોત

**તાલુકા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૦

સાવરકુંડલાનાં મણીનગરમાં રહેતા અમીરખાન જીભાઈ પઠાણ નામનાં ૪૨ વર્ષિય ડ્રાઈવર પોતાનાહવાલાવાળીરીક્ષા નં. જીજે–૦૪એયુ૩૩૬૩માંમુસાફરોને બેસાડી લાઠીથી પરત પોતાના ઘરે સાવરકુંડલા આવતા હોય. ત્યારે તે રીક્ષા સાવરકુંડલા પાસે આવેલ પેટ્રોલપંપ પાસે પહોંચતા એક આઈસર ટ્રક નં. જીજે–૧૪ એકસ ૯૬૦૫નાં ડ્રાઈવરે પોતાનું આઈસર ટ્રક ગાડી પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે રોંગ સાઈડમાં ચલાવી રીક્ષા સાથે ભટકાવી ડ્રાઈવરને તથા સાહેદોને નાની–મોટી ગંભીર ઈજા કરી તથા તબસ્સુમબેન રફીકભાઈ મોમીનને શરીરે ગંભીર ઈજા કરી મોત નિપજાવ્યાની ફરિયાદ સાવરકુંડલા રૂરલ પોલીસમાં નોંધાઈ છે.

### જુદી–જુદી ૪ સંસ્થાઓનો આગેવાનો દ્વારા

## અમરેલીનાં તમામ વેપારીઓને સોમવારે બપોર બાદ ધંધા–રોજગાર બંધ રાખવા અનુરોધ

**ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં નેતૃત્વમાં ધાર્મિકોત્સવની ઉજવણી**

અમરેલી, તા. ૨૦

અમરેલી શહેર તેમજ તાલુકાનાં વેપારીઓએ સોમવાર તા. ૨૨/૧/૨૦૨૪ ના રોજ બપોર બાદ ધંધા રોજગાર બંધ રાખીને પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવમાં સહભાગી થવા અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ કરીયાણા વેપારી એસોસીએશન તથા ઈન્દિરા શોપીંગ સેન્ટર એસોસીએશન તથા મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસીએશનનાં હોદેદારો દ્વારા અપીલ કરવામાં આવી છે.

ભગવાન શ્રી રામ સાડા પાંચસો વર્ષ બાદ અયોધ્યામાં ભવ્ય મંદિરમાં બિરાજમાન થઈ રહયા છે. ત્યારે દેશભરમાં રામ સેવકો તથા સર્વો લોકોમાં ઉત્સાહ અને ઉમંગ છે. તેમાં જોડાઈને તન, મન અને ધનથી સહભાગી થઈને રામ લલ્લાનાં આર્શીવાદ મેળવશે. બધા કાર્યક્રમમાં શોભાયાત્રા હોય કે પછી મહા આરતી હોય, પ્રસાદ વિતરણ હોય તેમાં સહું સાથે મળીને ઉજવીને ચારેય સંસ્થાઓનાં હોદેદારો તેમજ વેપારીઓ દ્વારા તા. ૨૧/૧/૨૦૨૪ના રોજ ભીડભંજન મહાદેવ મંદિરેથી રવિવારે ૪ (ચાર) વાગ્યે અક્ષત કળશ યાત્રા નીકળશે તેનું સ્વાગત ઈન્દિરા શોપીંગ સેન્ટર પાસે કરવામાં આવશે તેમજ સાંજે ૭ કલાકે શ્રી રામજી મંદિરે મહા આરતીનો કાર્યક્રમ છે તેમજ તા. ૨૨/૧/૨૦૨૪ના રોજ બપોરનાં ૧૧:૩૦ કલાકે રામજી મંદિરે મહાઆરતી તથા સાંજે ૭:૩૦ કલાકે રામજી મંદિરે મહાઆરતી તેમજ ૮ કલાકે બાલાજી હનુમાન મંદિરે મહા આરતી તેમજ રાત્રે ૮:૩૦ કલાકે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા તથા બધી સંસ્થાઓ દ્વારા મોટા બસ સ્ટેન્ડ ચોકમાં મહાઆરતીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો સૌ વેપારીઓએ બધા કાર્યક્રમમાં હાજરી આપી સહભાગી થવા અપીલ છે. તથા ડિસ્ટ્રીકટ ચેમ્બરનાં ઉપપ્રમુખ દિનેશભાઈ ભુવા, શિતલ પરિવાર દ્વારા અમરેલી શહેરના ૭૦૦ વર્ષ જુના રામજી મંદિર તથા રંગરોગાન, અયોધ્યાનું લાઈવ પ્રસારણ લાઈટ ડેકોરેશન તથા તા. ૨૨/૧/૨૦૨૪ના રોજ બપોરનાં બાર કલાકથી વિવિધ ધુન મંડળો દ્વારા રામધુન બાર વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. તેમજ હરીધામ ટ્રસ્ટ દ્વારા જીતુભાઈ ગોળવાળાએ તા. ૨૨/૧/૨૦૨૪ ના રોજ સવારથી રામજી મંદિરે ગુંદી–ગાંઠીયાનો પ્રસાદ વિતરણ રાખવામાં આવશે જેવા અનેકવિધ કાર્યક્રમમાં સર્વો સનાતન ધર્મી તેમજ સર્વો અમરેલીની જનતાને પધારવા તેમજ મહા પ્રસાદનો લાભ લેવા હિન્દુઓનાં આરાધ્યદેવ એવા શ્રી રામનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ૨૨ મી તારીખે દિપાવલીની જેમ ઉજવીએ. જેમાં અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બરનાં હોદેદારો ચતુરભાઈ અકબરી, મુકુંદભાઈ ગઢીયા, દિનેશભાઈ ભુવા, હકુભાઈ ચૌહાણ, ગીરીશભાઈ ભટ્ટ, હરેશભાઈ સાદરાણી, બાબુભાઈ કાબરીયા, કાળુભાઈ ભંડેરી, જીલુભાઈ વાળા, યોગેશભાઈી કોટેચા, ઘનશ્યામભાઈ રૈયાણી, યોગેશભાઈ ગણાત્રા, જીતુભાઈ ગોળવાળા, જગદીશભાઈ સેલાણી, લાલભાઈ વણજારા, લાલભાઈ ગઢીયા, અશોકભાઈ અટારા, નિતીનભાઈ રાજપરા, પ્રકાશભાઈ ધોળકીયા, નટુભાઈ મસોયા, મહામંત્રી, પ્રકાશભાઈ ખુમાણ–સાવરકુંડલા, અરવિંદભાઈ બોખા–દામનગર, ઉપપ્રમુખ મજબુતસીંહ બસીયા તેમજ ડોકટર ગજેરા, કીર્તિભાઈ વઘાસીયા, મુકેશભાઈ મશરૂ–સાવરકુંડલા, દિનેશભાઈ હડીયલ–બગસરા, દિલીપભાઈ શેખલીયા–લીલીયા, રાજુભાઈ સોની–વિજપડી, અનીલભાઈ વેકરીયા–કુંકાવાવ, મહેન્દ્રભાઈ સાદરાણી–ચલાલા, સંજયભાઈ સવાણી–ખાંભા ભુપતભાઈ વાળા– ધારી તેમજ હાર્દિકભાઈ સેંજલીયા, હરેશભાઈ ટાંક, વીરલભાઈ પોપટ, રમેશભાઈ તથા તમામ હોદેદારોની અપીલ છે.



### સલામત સવારી એસ.ટી. અમારી ડ્રાઈવર પાસેથી દારૂ ઝડપાઈ તો જવાબદારી તમારી

## દીવ–ગાંધીનગર રૂટની એસ.ટી. વોલ્વો બસમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાતા પોલીસે ડ્રાઈવર–કંડકટર વિરૂદ્ધ નોંધ્યો ગુન્હો

**ગાંધીના ગુજરાતમાં શરમજનક રીતે દારૂનું વેચાણ, હેરફેર ઝડપાઈ રહી છે**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા.૨૦

ઉના એસ.ટી. બસ સ્ટેશનમાં જીએસઆરટીસીની વિજિલન્સ ટીમના અધિકારીઓ સાંજના સમયે ઉપડતી દિવ–ગાંધીનગર રૂટની એસ.ટી. વોલ્વો બસ તપાસતા ડ્રાઈવર–કંડકટર પાસેથી વિદેશી દારૂ, બિયરનો જથ્થો મળી આવતા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ઉના બસ સ્ટેશનમાં જીએસઆરટીસી અમરેલી વિભાગની વિજિલન્સ ટીમના એ.વી. ડાભી, એસ.પી. ભારાઈ, ઉના ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ સહિતના ઉના એસ.ટી. ડેપો ખાતે હોય. ત્યારે સાંજના સમયે દિવથી ઉપડતી જીજે–૦૭ વાઈઝેડ ૬૯૬૪ નંબરની દીવ–ગાંધીનગર રૂટની એસ.ટી. વોલ્વો બસ ઉના બસ સ્ટેશન ખાતે પહોંચતા બસમાં વિજિલન્સ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવતા ડ્રાઈવરની કેબિન તથા કંડકટરની સાઈડની ડેકીમાંથી મળી આવેલ ચાર થેલાઓને તપાસતા અલગ અલગ કંપનીની વિદેશી દારૂ, બિયરની ૮૪ બોટલ મળી આવી હતી. જેની કિંમત ૧૪ હજાર ૮૦૦ તથા બે મોબાઈલ કિંમત રૂા. ૧૦ હજાર મળી કુલ રૂા. ૨૪ હજાર ૮૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી ડ્રાઈવર રાહુલ રણજીતભાઈ પરમાર રહે સુડવા, તા. માણાવદર, જિ. જુનાગઢ (બેજ નંબર ૭૧૧) તથા કંડકટર યોગેશ બચુભાઈ ઠાકર રહે. અમદાવાદ (બેજ નંબર ૮૮) વાળાઓને દારૂના જથ્થા સાથે ઝડપી પાડી બંને વિરૂદ્ધ જીએસઆરટીસી વિજિલન્સ ટીમ દ્વારા ઉના પોલીસમાં ગુનો નોંધાવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### એક વર્ષમાં વિકાસ કાર્યો તો ન કરી શકયા

## લાઠીનાં ધારાસભ્ય વડોદરામાં નિર્દોષ બાળકોનાં મોતનો મલાજો જાળવવામાં પણ નિષ્ફળ રહ્યા

**તાલુકા કોંગી પ્રમુખ સહિતનાં આગેવાનોએ દુઃખ વ્યકત કર્યુ**

બાબરા, તા. ૨૦

કોંગ્રેસના અગાઉનાં ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે લાઠી અને બાબરા વિસ્તારનાં અનેક રસ્તાઓ મંજૂર કરી આ વિસ્તાર એક મહત્વનો વિસ્તાર બનાવ્યો છે. તેમના મંજુર થયેલા રસ્તાનાં કામો ૫ વર્ષે પુરા થશે તો લાઠી–બાબરા એક મહત્વનો વિસ્તાર બનશે તેવી લોકોમાં એક આશા છે. પંચાળ વિસ્તારને રૂપકડો વિસ્તાર બનાવવા માટે અનેક રાજયધોરીમાર્ગ પહોળાઈ વાળા રસ્તા તેમજ નોન પ્લાન રસ્તાઓ મંજુર કરાવી આ વિસ્તારને જે મ હત્વનો વિસ્તાર બનાવ્યો છે તેના અમો સાક્ષી છીએ તેમ જણાવી બીપીનભાઈ વસાણી અને મુકેશભાઈ ભાલીયાએ એક પ્રેસ વિજ્ઞપ્તિ સાથે જણાવ્યું હતું કે, એક વર્ષમાં લાઠી અને બાબરા વિસ્તાર માટે નબળા પુરવાર થયેલા ધારાસભ્ય ઉડીને આંખે વળગે તેવું એક પણ કામ મંજુર કરાવી શકયા નથી. ત્યારે અગાઉનાં ધારાસભ્યે મંજુર કરેલા કામોના ખાતમુહુર્ત કરી રહ્યા છે સરકાર તેમની છે ખાતમુહુર્તનો વિરોધ ન હોઈ શકે પરંતુ વડોદરા હરણી ખાતે ૧૪ વિદ્યાર્થીઓ અને એક શિક્ષક મોતને ઘાટ ઉતર્યા છે તેમની અંતિમ ક્રિયા પણ બાકી છે તેવા સમયે નબળા પુરવાર થયેલા અને કમા ની છાપ વિસ્તારમાં પડી છે એવા ધારાસભ્યએ પ્રતિષ્ઠાની લ્હાયમાં મોતનો મલાજો પણ જાળવાનો ભુલ્યા છે આવા સમયે શોક જાળવવા બદલે ધારાસભ્ય તેમજ ભાજપનાં કાર્યકર્તાઓ કયાં મોડે ખાતમુહુર્ત કરી રહ્યા છે તેવા વૈધક પ્રશ્ન સાથે પંચાળ ની જનતા, બાબરા તાલુકાની જનતા અને લાઠી તાલુકાની જનતા જાણવા માંગે છે. અંતમાં જણાવ્યું હતું કે, કશું ન કરી શકો તો કાંઈ નહી પરંતુ તમારી બેદરકારીથી અનેક નવલોહીયા મોતને ઘાટ ઉતરી રહ્યાં છે તેમનો તો મલાજો જાળવો તેમના વાલીઓ નિસાસા નાખી રહ્યા છે તે ૨૪ કલાકમાં કેમ ભુલી રહ્યા છો તેવા દુઃખ સાથે આ નિવેદનમાં જણાવ્યું હતું.

### કોઈ અજાણ્યા શખ્સનું કારસ્તાન

## સાવરકુંડલા પંથકનાં એક આશ્રમમાં રહેલ સાધ્વી સાથે શારીરિક છેડછાડ

**પોલીસે સાધ્વીની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી**

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા પંથકનાં એક આશ્રમમાં ગત મોડી રાત્રે અજાણ્યો ઈસમ ઘુસ્યો હતો ને લૂંટ ચોરીના ઈરાદે ઘુસેલ શખ્સ દ્વારા સાધ્વી સાથે છરીની અણીએ શારીરિક છેડછાડ કરી હોવાની ઘટના ઘટતા ભકતજનોમાં રોષની લાગણી વ્યાપી ગઈ હતી ને પોલીસ બેડામાં આવી અઘટીત ઘટનાના ઘેરા પડઘા પડયા હતા ને પોલીસ તંત્ર દ્વારા સાધ્વી સાથે છરીની અણીએ શારીરિક છેડછાડ કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ ચૂકી છે.

અમરેલી એસ.પી. હિમકરસિંહ એલ.સી.બી., એસ.ઓ.જી. સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે જઈને જીણવટ ભરી રીતે સમગ્ર ઘટના અંગે તપાસ શરૂ કરી છે ને સાધ્વીને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ભોગ બનેલ મહિલા સાધ્વીનું મેડિકલ માટેની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી. જયારે અજાણ્યા શખ્સ સીસીટીવીમાં કેદ થયેલ હોય ને સીસીટીવીને આધારે આરોપીને પકડી પાડવા માટે ૭ ટીમો બનાવીને નરાધમ શખ્સની શોધખોળ શરૂ કરાઈ છે. સાવરકુંડલા હાઈવે પર આશ્રમની ઘટેલી ઘટનાથી ચકચાર મચી જવા પામી છે ને પોલીસ તંત્ર દ્વારા સીસીટીવીનાં આધારે આરોપી પકડાઈ જવાની શકયતાઓ જણાઈ રહી છે ને સીસીટીવીમાં દેખાતા શખ્સ જેવા ઈસમોની ઉલટ તપાસ થઈ રહી છે.

## મેરી ઝોપડી કે ભાગ ખૂલ જાયેંગે રામ આયેંગે, રામ આયેંગે આયેંગે રામ આયેંગે

# જયશ્રી રામ : અમરેલી જિલ્લાની જનતા શ્રી રામમય બની

**જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીનાં સુપ્રસિધ્ધ રામજી મંદિરને નવોઢાની જેમ શણગાર કરવામાં આવ્યો**

**લીલીયા, ખાંભા, રાજુલા, સાવરકુંડલા, બાબરા, બગસરા, વડિયા, કુંકાવાવ સહિતનાં વિસ્તારમાં ભકિતનાં ઘોડાપુર**

**૨૨ જાન્યુઆરી ૨૦૨૪ને સોમવારનો દિવસ દેશ માટે સદીઓ સુધી યાદગાર અને ઐતિહાસિક બની રહેશે**

**શોભાયાત્રા, મહાઆરતી, મહાપ્રસાદ, સંતવાણી, હનુમાન ચાલીશાનાં પાઠ સહિતનાં કાર્યક્રમો યોજાશે**






અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં અયોધ્યા ખાતે સોમવારે થનારા ભગવાન શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ભકિતનાં ઘોડાપુર જોવા મળી રહ્યા છે અને સોમવાર તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪નો દિવસ ભારત દેશ માટે સુવર્ણ સાબિત થશે અને સદીઓ સુધી યાદગાર બની જશે.

દરમિયાનમાં અમરેલી જિલ્લામાં પણ સોમવારે શોભાયાત્રા, મહાઆરતી, મહાપ્રસાદ, સંતવાણી, હનુમાન ચાલીશા, અયોધ્યા કાર્યક્રમનું લાઈવ પ્રસારણ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

શહેરનાં સુપ્રસિધ્ધ રામજી મંદિરને નવોઢાની જેમ શણગાર કરવામાં આવ્યો છે. ટાવર ચોકમાં પણ વેપારીઓ ધ્વારા રોશનીનો ઝગમગાટ ઉભો કરવામાં આવ્યો છે. બાબરા, બગસરા, રાજુલા, સાવરકુંડલા, ધારી, વડિયા, કુંકાવાવ, ખાંભા, લીલીયા સહિતનાં તાલુકા મથકો ઉપરાંત જિલ્લાનાં લગભગ ૬૦૦ જેટલા ગ્રામ્ય વિસ્તારમાં પણ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

## ધારીનાં દહીડા ગામે સોમવારે સામુહિક મહાપ્રસાદ યોજાશે

ચલાલા, તા. ૨૦

સમગ્ર ભારત દેશમાં તા.૨૨ જાન્યુઆરીના રોજ રામ માહોલ સર્જાયો છે. ત્યારે ભારત દેશનાં ખુણે ખુણેથી લોકો સ્વયંભુ રામમય બની ગયા છે. ત્યારે શહેરોથી ıમાંડી નાના નાના ગામડામાં ધાર્મીક કાર્યક્રમોનું આયોજન કરી ભકિત સાગરમાં લોકો ડુબી રહયા છે. ત્યારે જાણવા મળેલ વિગત મુજબ ધારી તાલુકાનું નાનું એવું દહિડા ગામ જે ગામમાં મુખ્યત્વે કાઠી દરબારભાઈઓનાં પરીવાર વસવાટ કરે છે. અને મુખ્યત્વે ખેતીનાં વ્યવસ્યાય સાથે સંકળાયેલ છે. આ નાના એવા દહિડા ગામમાં કાઠી દરબારભાઈઓનાં પરીવારમાં ઉમંગ ઉત્સાહ સોથ સમસ્ત ગામ દ્વારા ગામનાં દરેક ઘરોમાં ઘજા પતાકા આંબાના તોરણ, પુજા પાન, દિવડા પ્રગાટવી, પરી અને સમસ્ત ગામ ધુવાડાબંધ સાથે પ્રસાદ લઈ ıારામ જન્મોત્સવની નિત્ય ઉજવણી કરે છે. આખું દહિડા ગામ રામમય બની ગયું છે. નાનુ એવું ગામ હોવા છતાં ભારે ધાર્મીક માહોલ સર્જાયો છે. ઠેર – ઠેર જયશ્રી રામનાં નારા લાગી રહયા છે. તેમ પ્રકાશ કારીયાએ જણાવેલ છે.

### બગસરાનાં કાગદડી ગામનો બનાવ

## શિકાર પાછળ દોટ લગાવનાર સિંહણ અચાનક પાણી ભરેલ કૂવામાં ખાબકી

**જોકે વન વિભાગે રેસ્કયુ કરીને સિંહણને બચાવી લીધી**

બગસરા, તા. ૨૦

અમરેલી જિલ્લાના બગસરા પંથકમાં સિંહ પરિવારના આંટાફેરા રહેતા હોય, ત્યારે બગસરાના કાગદડી ગામે એક સિંહણે શિકારની પાછળ દોટ મુકતા શિકાર તો નાશી ગયો પણ શિકારી સિંહણ એક પાણી ભરેલ કુવામાં ખાબકી હતી. બાદમાં વનવિભાગે રેસ્કયુ ઓપરેશન કરીને સિંહણને કુવામાંથી સલામત રીતે બહાર કાઢી હતી. ત્યારે એક અઠવાડિયા પહેલાં પણ આ પંથકમાં રોડ અકસ્માતમાં એક સિંહણ અકસ્માતમાં ઘાયલ થયાની ઘટના બાદ બીજી દુર્ઘટના ઘટી હતી.


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ બગસરાના કાગદડી ગામે એક સિંહણ શિકારની શોધમાં નીકળી હતી ત્યારે એક વાડીમાં નીલગાયને જોઈ આ સિંહણે શિકારની પાછળ દોટ મુકી હતી. પરંતુ આ સિંહણનો શિકાર તો નાશી ગયો પણ શિકારી સિંહણ એક પાણી ભરેલ કુવામાં ખાબકી હતી. બાદમાં આ અંગે વાડી માલિકે વન વિભાગને જાણ કરતાં વનવિભાગે રેસ્કયુ ઓપરેશન કરીને સિંહણને કુવામાંથી સલામત રીતે બહાર કાઢી હતી. ત્યારે કૂવાના પાણીમાં તરતી સિંહણના વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે. અત્રે ઉલેખનીય છે કે, એક અઠવાડિયા પહેલાં પણ આ પંથકમાં રોડ અકસ્માતમાં એક સિંહણ અકસ્માતમાં ઘાયલ થયાની ઘટના બાદ બીજી દુર્ઘટના ઘટી હતી.

























**પ્રકરણ-૧૬૮**

**'ના તો કારવા કી તલાશ હૈ.. ના તો હમસફર કી તલાશ હૈ; ''ઝીંદગી ભર નહીં ભૂલેંગે વો બર સાત કી રાત.**

**પ્રિય વાચક મિત્રો,**

આગામી ૨૨ જાન્યુવારીએ સમગ્ર ભારત ભગવાન શ્રી રામના રંગે રંગાઈ જશે, દિપાવલી પર્વએ શ્રી રામ અયોધ્યા આવ્યા હતા, તેમ ૨૨ જાન્યુઆરી પોષ સુદ બારસએ ભારત વર્ષ માટે દિપાવલીનો ઉત્સાહ લઈ આવશે. તમામ વાચક મિત્રોને શ્રી રામ મંદિર સ્થાપનાની હાર્દિક શુભ કામનાઓ સાથે ફિલ્મી સફરમાં ૧૯૬૦ના વર્ષની સંગીત વિષે વાત કરીયે, ૧૯૬૦નું વર્ષ હિન્દી સિનેમાના સંગીતમાં કવ્વાલીનું વર્ષ રહ્યું, આ વર્ષે સંગીતકાર રોશન અને નેસાદ સાહેબના સંગીતમાં કવ્વાલી એટલી પ્રચલિત થઈ કે ત્યારબાદ હિન્દી સિનેમાના સંગીતમાં કવ્વાલીએ અભિમ અંગ બની ગયું, સંગીતકાર રોશનની ફિલ્મ જે આ વર્ષે ટોપ ટેન ફિલ્મો માં છે, તેની વાત કરીયે તે પેહલા કવ્વાલી વિષે થોડી વાત કરી લઈએ.

કવ્વાલીએ ૧૩ મી સદીથી પ્રચલિત ધાર્મિક સૂફી સંતના સ્વરથી ગવાયેલ એક રચના છે, ત્યારબાદ સૂફી સંતો મદિર અને મસ્જિદમાં ગવાતા લોકગીતોમાં કવ્વાલીનો પ્રયોગ કરતાં હતા, જે હિન્દી સિનેમા પેહલા નાટક, નેટંકી અને ખાસ પારસી થિયેટરમાં ભજવાતા નાટકોમાં કવ્વાલીનો પ્રયોગ થતો હતો, હિન્દી સિનેમા માં કવ્વાલીએ સ્થાન પ્રાપ્ત કર્યું, કવ્વાલી એટલે સંગીતની એક સ્પર્ધા, એક દ્વંદ યુદ્ધ જે સંગીત અને શબ્દોથી લડાઈ છે,




ગુજરાતમાં ભજન અને રાસમાં જેમ ગીત જીલવા વાળા હોય તેમ કવ્વાલીમાં એક સમૂહ દરેક શબ્દોને જીલી અને અલગ લચક આપે છે, અને કવ્વાલીના અંતે કોઈ એક પક્ષની હાર અને એક પક્ષની જીત થાય છે. આવી કવ્વાલી ૧૯૩૫માં ફિલ્મ તલાશે હકથી હીદી સિનેમા માં આવી, જેના શબ્દો હતા, અલ્લાહ હું અલ્લાહ ત્યારબાદ ફિલ્મ જિન્નતમાં કલ્યાણી મેનન, નુરજહા, જોહરા બાઈના સ્વર, આ સંગીત કાર નેસાદ અને શાયર નકશ જારવાસીના શબ્દો માં આહે ના ભરીએ, શિકવે ના કરીયે' થી કવ્વાલી ધ્યાનમાં આવી, ત્યારબાદ અમુક ફિલ્મો માં કવ્વાલીનું સ્થાન હતું, ૧૯૪૯ માં પણ હિન્દી સિનેમાના સંગીતમાં કવ્વાલી આવી હતી, પણ કવ્વાલીને હિન્દી સિનેમાના સંગીતમાં કાયમી સ્થાન ૧૯૬૦ની ફિલ્મો 'બરશાત કી રાત જેમાં રોશનનું સંગીત તથા ફિલ્મ' મોગલે આજમ' જેમાં નેસાદનું સંગીત હતું તેનાથી મળ્યું. ત્યારબાદ કવ્વાલીની એક અલગ ઓળખ થઈ ગઈ હતી, ખાસ મુસ્લિમ પાત્રો દ્વારા હિન્દી સિનેમામાં કવ્વાલી ચિત્રિત થતી હતી, માથા પર અલગ થી ટોપી, મોઢામાં પાન અને હોઠ લાલ, રંગીન રૂમાલ, તે કવ્વાલીના ગાયકોના પર્યાય થઈ ગયા હતા, કવ્વાલી માં શકિલા બાનો ભોપાલીએ પ્રથમ મહિલા કવ્વાલ કહી શકાય, અને કવ્વાલીમાં પાકિસ્તાની ગાયકનુ સરત ફતેહ અલી ખાનનો પણ અમુલ્ય ફાળો છે. કવ્વાલી એ ૧૯૬૦ થી હિન્દી સિનેમા માં પ્રચલિત થયા બાદ ૧૯૮૦ ના દસક સુધી કવ્વાલી ઘણા ફિલ્મોમાં સમવાતી હતી, અને આજે પણ હિન્દી સિનેમામાં કવ્વાલીએ સ્થાન જાળવી રાખ્યું છે, એવી કવ્વાલીની ફિલ્મથી જાણીતી થયેલ ફિલ્મ બરશાત કી રાતની વાત કરીયે.

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

બરશાત કી રાત – પી એલ સંતોષીના નિર્દેશન અને આર ચંદ્રાના નિર્માણ માં, પી.એલ.સંતોષીની કથા, એમ રાજારામની સિનેમા ઓટો ગ્રાફી, પી.એસ.કોચિકરનું એડિટિંગ, સાહિર લૂધ્યાનવી ના ગીતો, રોશનનું સંગીત, ભારત ભૂસણ, મધુબાલા, શ્યામા, મુમતાઝ બેગમ, ચંદ્ર શેખર, ખુર્શીદ, મસ્તાન મિર્ઝા, શાંતિ કવલ, બેબી શોભા, કે એન સિંગથી અભિનીત આ ફિલ્મ ૧૯૬૦ના વર્ષની બીજા નંબરની સફળ ફિલ્મ રહી. ફિલ્મ એક સંગીતમય તો હતી જ પણ ફિલ્મની કથા એક સ્ત્રીના વિચારોને તેની આઝાદીને લગતી હતી, તે સમયે સ્ત્રી તેના લગ્ન બાબત પોતાના નિર્ણય કરી શકી ના હતી, અને તે પણ એક મુસ્લિમ પરિવારમાં, જે અહી ચિત્રિત કરવામાં આવ્યું છે કે સ્ત્રીને પણ તેના જીવન સાથી પસંદ કરવાનો હક છે. કથા ટૂંકમાં જોઈએ તો, ભારત એક ઉર્દુ કવિ (અમાન) છે, જે તેના સાથી શ્યામા અને ખુર્શીદ સાથે શાયરીઓની મહફિલ કરતાં હોય છે, ભારતની શાયરીઓ રેડિયો પર પ્રસારિત થતી હોય છે અને મધુ તેની ચાહક થઈ ગઈ છે, તેને ભારત એક વરસાદી રાતમાં મળે છે, અને તે મુલાકાત પ્રણયમાં ફેરવાઈ છે, મધુ,પોલીસ ઓફિસર કે એનની પુત્રી છે, જે ભારતની ગરીબી ના લીધે આ પ્રેમનો વિરોધી છે, તે મધુની શાદી લખનો માં કવલ સાથે કરવા માંગે છે, તેઓ લખનો જાય છે, ભારત પણ લખનો નોકરી માટે જાય છે, ત્યાં તે મધુના ભાવિ પતિ કવલને ત્યજ રહે છે, અને તેના સાથીઓ ને તે કવ્વાલીની સ્પર્ધામાં જીતવા શાયરીઓ લખી આપે છે, તે પ્રચલિત થઈ જાય છે, કવ્વાલીના મહા મુકાબલામાં ભારતની શાયરી અને અવાઝથી તેઓ સ્પર્ધા જીતી લે છે, તે કવ્વાલી રેડિયોના સહારે પ્રસારિત થતી હોય મધુ ત્યાં પહોચી જાય છે, અંતે કે એન તેની પત્ની અને કેવલ ના કેહવાથી અને ભાગ્યના સહારાથી ભારત અને મધુને ફરી એક વરસાદી રાત એક કરે છે.

ફિલ્મ તેના ગીતોથી યાદ કરાય છે, આ ફિલ્મની કવ્વાલી 'ના તો કારવા કી તલાશ હૈ આજે પણ લોકપ્રિય કવ્વાલીમાં બીજા નંબરે છે. ફિલ્મમાં દસ ગીતો છે, જેમાં ઝીંદગીભર નહીં ભૂલેં ગે વો બરશાત કી રાત, એક અંજાન હસીના સે મુલાકાત કી રાત..., ગરજત બરસત સાવન આયો રે, મેને શાયદ તુમ્હે પહલે ભી કહી દેખા હૈ..., મુઝે મિલ ગયા બહાના તેરી ઈદ કા. સહિતના તો કારવા કી તલાશ હૈ. ઉલ્લખેનીય છે. કવ્વાલીના શબ્દો અને સંગીત આજે પણ યાદગાર ગીતો પૈકી એક છે.કવ્વાલીની એક એક પંકતીઓમાં સાહિરે જીવ પુર્યો છે, જેમ કે, તેરા ઈશ્ક હૈ મેરી આરઝું.. તેરા ઈશ્ક હૈ મેરી આબરૂ... એવું કવવાલ જમાવે છે કે દિલ ઝૂમી ઊઠે છે, યે ઈશ્ક યે ઈશ્ક હૈ.... પણ સંગીત અને મન્ના ડે, આશા જી, સુધા મલ્હોત્રા, રફી સાહેબ અને એમ.ડી.બાતીસના સ્વરમાં, યાદગાર છે, જે આજે પણ બીજા નંબરની કવ્વાલી છે. જે લખવાથી અનુભૂતિ નહીં થાય.. તેને વારંવાર સાંભળવી એજ મજા છે.ઘર કી લાઝ – એક પિતા પુત્રીનો પવિત્ર સંબંધ છે, તેમ જ એક પુત્ર વધુ અને સસરાનો પવિત્ર સંબંધ છે, પણ જો તે એકલા રહે તો સમાજ તેને અલગ દ્રષ્ટિથી જુવે છે, આવી સવેન્દંશીલ કથા લઈ સોહરાબ મોદી ઘર કી લાઝ ફિલ્મ લઈ આવ્યા. બી.એમ.વ્યાસના નિર્દેશનમાં રાજેન્દ્ર કૃષ્ણાના ગીતો અને રવિના સંગીત સાથે, ફિરોઝ ખાન, નિરૂપા રોય, કુમકુમ, જહોની વોકર, શીલા, મદન પૂરી, રામધન અને સોહરાબ મોદીથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી.સોહરાબ તેના પુત્ર ફિરોઝના લગ્ન નિરૂપા સાથે કરાવે છે, એક અકસ્માત માં ફિરોઝનું દેહાંત થઈ જાય છે, સોહરાબ નિરૂપાને પુત્રીની જેમ જ સમજે છે, અને સાથે રાખે છે, પણ સમાજ બન્નેના પવિત્ર સંબંધો પર દાગ લગાડે છે, નિરૂપા સમાજથી બચવા સોહરાબના લગ્ન કુમકુમ સાથે કરાવી દે છે, પણ કુમકુમ અને સમાજ તેમનો પીછો છોડતો નથી, અંતે નિરૂપા આ દુનિયા છોડી દે છે, જેવી સવેન્દંશીલ અને કરૂણ કથામાં સોહરાબ અને નિરૂપાનો અભિનય ઉચ્ચ કક્ષાએ પહોચ્યો છે, ફિરોઝ અને નિરૂપા વચ્ચે વયમાં આઠ વર્ષનો તફાવત છે, છતા આ ફિલ્મમાં ફિરોઝ એક નાની ભૂમિકામાં નિરૂપાના પતિના કિરદારમાં જોવા મળે છે. સોહરાબની બીજી એક ફિલ્મ મેરા ઘર મેરે બચ્ચે સફળ રહી ના હતી.




આ વર્ષના સંગીત કારોમાં શંકર જયકિશન, રોશન, નેસાદ, એસ.ડી.બર્મન, સલિલ ચૌધરી, ઉષા ખન્ના, રવિ સૌથી વધુ સફળ રહ્યા હતા, અન્ય માં, વેદપાલ, સી રામ ચંદ્ર, બુલો સી રાની, વિપિન દતા, એસ કવાત્ર, અનિલ બિસ્વાશ, ચિત્ર ગુપ્ત, મદન મોહન, આ પી નૈયર, ખૈયામ, અવિનાશ વ્યાસ, ઈકબાલ કુરેશી, હેમંત કેદરા, એસ એન ત્રિપાઠી, સ્નેહલ ભાવસાર, કલ્યાણ જી આનંદ જી, એસ મોહિન્દર, હેમંત કુમાર, દતા રામ, સરદાર માલિક, નાસાદ, સન્મુખ બાબુ, બી એન બાલી, પરદેશી, દિલિપ રોય, શ્યામ બાબુ, હર્બન્સ લાલ, હંસરાજ બહેલ, શાર્દૂલ સિંગ, પંડિત શિવરામ, પંડિત રવિ, સી અર્જુન, રામલાલ, મહમદ શફી, સુદીપતો બેનર્જી, મુખ્ય રહ્યા હતા, તો કવિ આ માં, શૈલેન્દ્ર, વસંત જોગલેકર, આનંદ બક્ષી, પર્દિપ, ભરત વ્યાસ, પ્રેમ ધવન, કેફી આઝમી, સાહિર લૂધ્યાનવી, તનવીર નકવી, રાજેન્દ્ર કૃષ્ણા, મજરૂહ, નકસ લાલ પૂરી, શકીલ બદયુની, ગુલશન બાવરા, જનિસર અખતર, રાજા મહનેદિ અલી ખાન, અશદ ભોપાલી, ગુલઝાર, બહાદુર શાહ ઝફર, અનવર ફરૂકા બદી, શ્રી રામ સઝ, પંડિત માથુર, કેફ ઈરાની, મુખ્ય રહ્યા હતા. આગામી અંક માં રાજ કુમાર અને જોય મુખર્જીની સફળ ફિલ્મો સાથે મળીશું. **આભાર...**

**હિતેશ જોશી...**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૪૪

## કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY) ભાગ-૭

**વજન ઘટાડવા શું કરવું :**

**(૧) ખોરાક** : વધેલું વજન ઘટાડવા માટે અને પછી એ ઘટેલું વજન વધી ન જાય એની તકેદારી રાખવા માટે રોજિંદા ખોરાકમાં પરિવર્તનો કરવા પડે છે. એક કિ.ગ્રા. વજન ઉતારવા માટે ખોરાકમાંથી આશરે ૭૭૦૦ કિ.કેલરી ઓછી કરવી પડે છે.એટલે કે જો કોઈ માણસ રોજ ૧૧૦૦ કિ.કેલરી(લગભગ અડધો અડધ) ઘટાડી નાખે તો પણ ૧ કિલો ચરબી પીગળતાં આશરે એક અઠવાડીયા જેટલો સમય તો લાગે જ છે.

વળી, વજન ઘટાડવા માટે જે ઓછી કેલરીવાળો ખોરાક નક્કી કરવામાં આવે તે પોષણની દ્રષ્ટિએ (ખાસ તો વિટામિન-મિનરલ્સ વગેરે માટે) સંતુલિત અને સંપુર્ણ હોવો જઢરી છે. દૈનિક ૧૧૦૦ કિ.કેલરીથી ઓછો ખોરાક લેવામાં આવે તો કેલરીની સાથોસાથ વિટામિન અને મિનરલ્સ પણ ખોરાકમાં એટલા ઓછા થઈ જાય છે કે પછી એની પુર્તિ કરવા માટે વિટામિનની ગોળીઓ લેવી પડે છે.

વજન ઘટાડવાનો મુખ્ય આશય શરીરમાંથી જેટલી બને એટલી ચરબી ઓછી કરવાનો હોય છે એટલે ચરબી સિવાયના શરીરના અન્ય ઘટકો, ખાસ તો પ્રોટીન ઓછા ન થઈ જાય એની તકેદારી રાખવી પડે છે. દર કિલોગ્રામ વજનદીઠ એક ગ્રામ જેટલું પ્રોટીન રોજ શરીરને મળતું રહે એદરેક વ્યકિત માટે અત્યંત આવશ્યક હોય છે.

એક ગ્રામ ચરબીમાંથી નવ કિલોકેલરી મળે છે જયારે એક ગ્રામ શર્કરા કે પ્રોટીનમાંથી માત્ર ચાર કિલોકેલરી જ મળે છે. એટલે વજન ઘટાડવા માટે સેથી પહેલું કામ ખોરાકમાંથી ચરબી ઘટાડવાનું છે. અલબત, ચરબી સિવાયના ખોરાક પણ બેફામ ખાવાથી વજન વધી શકે છે, એટલે વધુ પડતું ખાવાનું બંધ કરવું પરંતુ સંતોષ થાય એટલું ખાવુ અને ભુખ્યા ન રહેવું. વધુ કેલરી આપતા ખોરાકને બદલે કચુંબર-ભાજી-ફળો વગેરે ઓછી કેલરી આપતા ખોરાકથી પેટ ભરવું. ખોરાકમાંથી ચરબી ઘટાડવા માટે ભોજનમાં ભાખરી, થેપલા, પુરી, પરાઠાને બદલે મોણ નાંખ્યા વગરની રોટલી કે રોટલા વાપરવા. શાક-દાળ ને તેલમાં સાંતળવાને બદલે પહેલા કુકરમાં બાફીને પછી હળવો વઘાર કરવો.ફરસાણ તરીકે મુઠીયા, ઢોકળાં, ઈડલી, હાંડવો વગેરે વસ્તુઓ ઘી-તેલ નાંખ્યા વગર વાપરવી. ઘી-તેલથી તરબોળ બિરિયાની કે ફ્રાઈડ રાઈસને બદલે સાદા ભાત કે વઘાર્યા વગરનો વેજીટેબલ પુલાવ કે ફોતરાવાળી દાળ ની ખીચડી ખાવાનો આગ્રહ રાખવો.

આપણા ઘરોમાં ખવાતો ખોરાકને જો તેના મુળભુત સ્વરૂપે લઈએ તો તે આપણું યોગ્ય પોષણ કરે છે એની ન્યુટ્રીશન વેલ્યુ એટલી હોય છે કે તમારે વધારાના કોઈ ન્યુટ્રીશનના નામે વહેચાતા પાવડરના ડબાઓ કે ગોળીઓ લેવાની જરૂર રહેતી નથી અને તે આપણને બધી રીતે સાત્મ્ય અને સુપાચ્ય હોય છે , પણ સ્વાદ અને દેખાદેખી ને કારણે આપણે આ બધા ખોરાકોમાં તેલ-ઘી-મસાલાઓ ઉંમેરી ને તેની પોષણક્ષમતા ઘટાડી નાખી અને કેલરી વેલ્યુ વધારી નાખી , સ્વામીનારાયણ મંદીરો-જલારામ મંદિરો અને જયા પણ અન્નક્ષેત્રો ચાલુ હોય ત્યા સાંજે જમવામા કઢી-ખીચડી હોય છે. કઢી-ખીચડીના ગુણો અને તેની બનાવવાની રીત ઉપર ધ્યાન જતા મને એવું લાગ્યુ કે જે લોકો એ વજન ઘટાડવું હોય તેમને વાળુંમાં(સાંજે જમવામાં ) ખીચડીથી ઉતમ કોઈ ખોરાક નથી, દરેક ગુજરાતી ઘરોમાં સાંજે ખવાતી ખીચડીનું આયુર્વેદ દ્રષ્ટીએ મહત્વ જોઈએ

**કઢી – ખીચડી...**

ગુજરાતની આ આઈકાન રેસેપી કે વાનગી છે.... જ....

આજે ખીચડીના અવનવાં ફયુઝન-રેસેપી ઉપલબ્ધ છે એનાથી વધારે તો,

સોશિયલ મીડિયા ય નહોતુ એ પહેલાંના,


કઢીના અનેકવિધ સ્વરૂપો હતાં...

કઢી અને ખીચડી...

એ પ્રસાદ છે...

દીન – હીનનું પેટ ભરે છે તો, સુખી સંપન્ન પ્રજાના સ્વાદને પણ પોષે છે...

ખીચડી ગરીબની હોય છે.... તો પણ રજવાડી ખીચડી ગુજરાતમાં મોંઘીદાટ




રેસ્ટોરેન્ટસમાં ખવાય છે...

ગીચતા સાથે અસ્ત વ્યસ્ત પણું દર્શાવતો શબ્દ 'ખચાખચ' પરથી પ્યોર ગુજરાતી શબ્દ ખીચ ખીચું ખીચડી ખીચડો બન્યો હશે.

ખીચડીને વૈદિક સંસ્કૃતમાં કૃશરા કહેલ છે,

કૃશ એટલે અલ્પ, થોડુંક દીનભાવ સુચક છે, કૃશરા ની વ્યુત્પત્તિ માં લખાયેલ છે કે કૃશયોડપિ બલં રાતી વા ... એટલે કે ગરીબ-દીન હીનનું પેટ ઠારનાર બળ આપનાર આહાર એટલે કૃશરા-ખીચડી

એ કાલખંડમાં તલ અને ચોખાની ખીચડી બનતી,

જે દર્દીને સંશોધન ચિકિત્સા કરવાની હોય તેનાં દોષોનો ઉત્કલેશ કરાવવા આગલી રાતે

તલ, ચોખા અને અડદની ખીચડી ખવરાવાતી...

પ્રાચીન વૈદકમાં તો વઘારેલી ખીચડી પણ વર્ણવેલ છે...

તણ્ડુલા દાલિસંમિશ્રા લવણાર્દ્રકહિઙ્ગુભિ : ।

સંયુત્કાઃ સલિલૈઃ સિદ્ધાઃ કૃશરાઃ કથિતા બુધૈઃ ॥

વઘારેલી ખીચડી જે ગુજરાત છોડીને બહારના રાજયોમાં બિરીયાની બની જાય છે, અને એનું પણ વર્ણન જોવાં મળે છે...

માંસેક્ષુપિષ્ટકૃશરા તિલશસ્કુલીભિ : ॥


ધ્યાન આપવું કે, વૈદક ની વઘારેલી ખીચડીમાં

આદુ, લવણ અને હિંગ છે...

ડુંગળી-મરચાં નથી...

ખાસ કરીને ગુજરાતી જનમાનસમાં ખીચડીને પચવામાં હલકી ગણાય છે

આથી દરેક બિમારીમાં ખીચડી...



**ડો. ભાવેશ કે. મહેતા**

**અમરેલી**

અને

મોટાભાગનાં ગુજરાતી પરીવારોમાં પણ રાત્રીભોજન ખીચડી વિના અધરૂ હોય છે...

પણ...

આયુર્વેદ દ્રષ્ટિકોણથી કૃશરા એટલે કે ખીચડી એ પચવામાં ભારે છે,

આથી તો ગરીબ પેટભરવાં રાત્રે સ પરિવાર ખીચડી ખાય છે...

ખીચડી નું દાન મહાદાન છે એ આખા પરિવારની ભૂખને સંતોષે છે,

સુખીજન સાહ્યબીમાં છકી ના જાય એ માટે ઉતરાયણે પણ ખીચડો પ્રતિક રૂપે ખંડાય છે... ખવાય છે...

ખીચડીના ગુણ કર્મ વર્ણવતાં ભાવપ્રકાશ નામના આયુર્વેદ શાસ્ત્રના ગ્રંથમાં લખે છે કે,

શકુબલકારિત્વમ્ ગુરૂત્વમ્ પિતકફપ્રદત્વમ્

દુર્જરત્વમ્ વિષ્ટમ્ભ મલ મૂત્રકારિત્વન્ ચ ।

ખીચડી ભારે છે, મુશ્કેલીથી પચે છે, પિત્ત અને કફ કરનાર છે વિષ્ટમ્ભી, મળ-મૂત્ર વધુ કરનાર છે, એમ છતાંય શુક્ર અને બળની વૃદ્ધિ કરે છે...

બહુ પ્રાચીન કાળમાં તલ-ચોખાની ખીચડી બનતી, ઔષધિય હેતુથી એમાં અડદની દાળ ઉમેરાતી તો કેટલીકવાર, માંસ પણ...

બિમાર વ્યકિતનો જઠરાગ્નિ મંદ હોય છે આથી એને જવાળું અપાય છે જે આયુર્વેદીય દ્રષ્ટિકોણથી વિલેપી-રાબ જેવું છે, ખીચડી આપવી જ છે તો ખીચડી માં પડતાં દ્રવ્યો ને પહેલાં શેકી લેવા પછી વધુ પાણી નાંખી બાફવા જેથી પચવામાં સુપાચ્ય થઈ જાય છે અને તુરંત બળ વર્ણની પુષ્ટિ કરે છે.

ગુજરાતમાં મોટાભાગે ખીચડી




મગની ફોતરાંવાળી દાળ અને જુનાં-જાડા- લાલ ચોખાથી બનતી આવે છે,

કેટલાક પરીવારોમાં હળદર મિશ્રિત તુવેરનીદાળ અને ચોખાથી ખીચડી બને છે...

આ સિવાયકયારેક ડુંગળી, મરચાં, બટાકા જેવાં શાક અને મસાલાથી ભરપૂર વઘારેલી ખીચડી સામાન્ય હોય છે... ફરાળી ખીચડી અને રજવાડી ખીચડી જેવી વેરાઈટી ખીચડી કોઈ ખાસ પ્રસંગોમાં બનતી હોય છે..

ઉતરાયણનો ખીચડો હવે ગૃહણીઓને જફા લાગે છે એટલે પરંપરાના નામે મોટાભાગે વઘારેલી ખીચડી ઉતરાયણે પણ હવે બને છે...

બધી જાતનું ધાન્ય, કઠોળ, શાક ભેગાં મળે એટલે ખીચડી,

ખીચડીએ સમાનતાનું પ્રતિક છે, સંતોષ આપનાર છે.

ખીચડીમાં પસંદગી કે નખરાં ન હોય માત્ર કુદરતી ભૂખની જરૂરીયાત સંતોષાય અને શરીરને પોષીત કરે છે

એટલે જ સ્તો ગરીબની ખીચડી હોય છે...

ન્યુટ્રીશનલ વેલ્યુ જોઈએ તો,

જેની પચાવવાની ક્ષમતા પાવરફુલ હોય એ સાંજે ખીચડી સાથે દૂધ લઈ લે તો ઉત્તમ પોષણ મેળવી લે છે, દૈનીક જરૂરીયાત ના બધા જ પોષક ઘટકોની પૂર્તિ થાય છે.

જે લોકો મેદસ્વી છે પણ રોગી નથી એ,

આયુર્વેદિક દ્રષ્ટિકોણથી ગુરૂ અપતર્પણ ની ડાયેટીંગ-આહાર યોજનામાં ખીચડીને સ્થાન આપી શકે છે,

પણ નિષ્ણાંત વૈદ્યના માર્ગદર્શન હેઠળ...

રાત્રી ભોજનમાં જઠરાગ્નિની સાપેક્ષે ખીચડી દૂધનો આહાર સંપૂર્ણ અને પોષ્ટીક ઉપરાંત દરેક ઘટકો નો બેલેન્સડ ડાયેટ છે...

રાત્રે ખીચડી સાથે છાશ ન લેવાય એ જ શ્રેયકર છે...

ખીચડી સાથેછાશ ને બદલે કઢીનો મેળ સારો રહે છે સ્વાદ અને સ્વાસ્થ્યના દ્રષ્ટિકોણથી...

કઢીનો સ્વાદ એને સરખા તાપે ઉકાળી લેવાની કળામાં સમાયેલ છે...

આથી તો એને કઢી કહેવાઈ...

કઢેલુ અથવા કઢવું એ ઉકાળીને ઘટ્ટ – સાન્દ્ર Concentrate ના અર્થ માં છે...

કઢી ગમે તે શાકની બની શકે છે.

અને બનાવાય છે, પ્રાચીન કાળમાં ખાનારાં વધી જાય અને શાક ઓછું પડે એમ હોય ત્યારે આ પરિસ્થિતિમાં ઘરની શાખ જાળવવા ગૃહિણીએ શાકની કઢી બનાવીને પીરસી દેતી...

એટલે મોટાભાગે તમામ શાકની કઢી અસ્તિત્વમાં આવેલ છે...

જો કે કઢીની ખાસ તો ત્રણ વેરાઈટી જ પ્રસિદ્ધ છે...

લસણ, જીરૂ, હળદર, મરચું, મીઠું,અને ચણાના લોટનો છાશમાં બનાવેલ ઘોળ થી બનતી ખાટી તીખી સર્વ સામાન્ય કઢી...

બીજી સફેદ કઢી જે છે એ સૌમ્ય છે મધુર છે અને

વૈભવી ભોજનથાળ સાથે મેળ કરે છે...

ભાત સાથે પીરસાતી હોય છે

આમાં હળદર અને લસણ ને બાકાત કરાય છે ...

સુગંધી માટે મીઠો લીમડો નંખાય છે...

કઢીના સહવાસથી મીઠાલીમડાનું નામ જ અન્ય રાજયો અને દેશોમાં કઢીપતા કે Curry leaves થયેલ છે.

એનું વૈજ્ઞાનિક નામ Murraya koenigii છે...

આ ક્ષુપની ફેમીલી-કુલ Rutaceae છે, જે બીલીપત્રનું કુલ પણ છે એટલે સુગંધ તો મનમોહકરહેવાની અને શિવજીની કૃપાથી સ્વાસ્થય વર્ધક ગુણ પણ ખરાં જ... આયુર્વેદમાં આને કેટલાક વિદ્વાનો કૈટર્ય તરીકે ઓળખાવે છે જે ઉત્તમ પેઈનકિલર નું કામ કરે છે...

ત્રીજા ક્રમાંકે કઢી, ડુંગળીથી બને છે લીલી તાજી અથવા લાલ સુકી ડુંગળી, સાથે લીલાં મરચાં...

બાજરાના કે મકાઈના- જુવારના... આ ન મળે તો ઘઉંના તેલ ચોપડીને વાળેલા પરોઠાં જેવાં બનતાં ...

આવાં ગરમાગરમ રોટલાં સાથે સ્વર્ગનું સુખ આપતી આ ડુંગળી મરચાંની કઢી અવિસ્મરણીય અતુલનીય બને છે.

ફાફડાં – ભજીયાં સાથે ખાઉધરી ગલીઓમાં મળતી કઢી એ સીધા જ ચણાના લોટને પાણીમાં ઉકાળી લીંબુ નીચોવી અપાય છે એમાં છાશનો ઉપયોગ થતો નથી.. એથી એ કઢીની કેટગરી માં સામેલ ન થાય...

કઢી એટલે છાશ સાથે સામાન્ય રીતે ચણાનો લોટ... તાણ પડી હોય ત્યારે બાજરા કે ઘઉંના લોટમાં બનાવેલ ઘોળ સાથે વઘારેલ શાક અથવા લસણ, જીરૂ, મરચાંના વઘાર સાથે બનાવેલ...

મૂળભૂત રીતે ગુજરાતની,

ગુજરાતી પ્રજા માટે,

ગુજરાતી ભોજન સાથે લેવાતી વાનગી...

ખીચડી-કઢીમાં રાય-મેથીનો વઘાર જામતો નથી હોતો... એમ છતાંય ઘણાં કરતાં હોય છે, ખાનારા મન મારીને ખાતાં હોય છે... કઢીમાં જમાવટ આવે એ માટે મીઠાં લીમડાના પાનને સીધાં વઘારમાં તતડાવી લેવાને બદલેસહેજ તેલમાં ડુબોળી ઉકળતી કઢીમાં ઉકાળી લેવાં જેથીકઢીનો સ્વાદ, સુગંધ અને સ્વાસ્થ્ય વધે છે... કઢી – ખીચડી રાત્રી ભોજનમાં લેવાથી ખાસ દોષકર નથી બનતી કેમ કે, છાશનો કઢી સ્વરૂપે સંસ્કાર થયેલ હોય છે એમ છતાંય મૂળભૂત પિત્ત પ્રધાન પ્રકૃતિના વ્યકિઓએ રાત્રે ભરપેટ ખીચડી કઢી ન ખાવી જોઈએ...

અત્યારે જે વાયરસ જન્ય શરદી – સળેખમ ખાંસી, કળતર સાથે તાવ, ભોજન પ્રત્યે અરૂચી હોય એવાં રોગીઓને કઢી ખીચડી આરોગવી જોઈએ... જીરૂ હિંગ લસણ મરચાં આદુયુકત કઢી અને મગ ચોખાની ખીચડી આહાર સાથે ઔષધનું કાર્ય કરે છે...


**ડો. ભાવેશ કે. મહેતા**
**મો.૯૪૨૬૨૮૭૯૦૮**
**maildrbk mehta rmo@ gmail. com**


## દિવ્ય તેજ ઝળહળે

**(સ્વ રચિત કાવ્ય)**

દેશ-વિદેશે દિવ્ય તેજ ઝળહળે...
શ્રી રામ પ્રભુનો જય જયકાર થાય...!!
રામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય
રામ ભકતો હરખથી ખૂબ ખૂબ હરખાય..!!
વધાઈ વધાઈ શબ્દો સૂર સંભળાય
રામ મંદિર ભારતનું શ્રેષ્ઠ ગૌરવ ગણાય...!!
''શરદ''-પૂનમ તેજે ભારત ઝગમગાય
શ્રી રામ ચરણે કોટિ કોટિ વંદન થાય..!!


**– કવિ-શરદકુમાર ધીરજલાલ દવે**
''શાસ્ત્રી''– ભાગવત કથાકાર-હસ્તરેખા
– જયોતિષ સલાહકાર(અમરેલી)
મો. ૯૪૨૭૮ ૧૭૦૬૭
ફોન-૦૨૭૯૨-૨૨૭૯૨૮

# રામ સીય મહિ રાયન નિહારી, ભયા વિષાદ નિષાદહિં ભારી

મુકે દુઃખે હોતા હૈ કારણે મેરાં જીવન ઉન લોગોં કે લિએ હૈ યા આપકે લિયે? છેવટે કહ્યું. ''ઠીક હૈ રમાં, પરંતુ મેરી બાત માનો તુમ નહીં આના.'' જેથી હવે નેત્રયજ્ઞમાં તો જવાનું હતું નહીં, જયપુરથી મારા બા નેત્રયજ્ઞમાં ગયા. હવે તો જવાબદારીથી કામ સંભાળવાનું હતું અને યથાશકિત નિયમ કરતી. લગભગ વીસ દિવસ બાદ નેત્રયજ્ઞમાંથી બા આવ્યા. તેમણે ત્યાંના બધા ખબર આપ્યા.

ત્યારબાદ હું જોધપુર ભગવાન પાસે રામનવમીના ઉત્સવ પર ગઈ. હું સાંજે પહોંચી, ભગવાન બીજા દિવસે સવારે પધાર્યા. નિયમ પ્રમાણે જયપુરથી નીકળી ત્યારથી પાણી પીધું નહોતું. પૂજન માટે રાહ જોતી હતી. એક બહેને કહ્યું, ''રમા, ભગવાને ત્રણ મહિના માટે કોઈને સ્પર્શ ન કરવાનો નિયમ લીધો છે તુ પૂજા કરવા જાય ત્યારે અજાણી રહીને જ ચરણસ્પર્શ કરી પૂજા કરી જોજે.'' હવે તો ધીરે ધીરે અનુભવથી બધાના સ્વભાવનો પરિચય મળી ગયેલો. જયારે પણ સારી રીતે તેઓ બાલે ત્યારે સમજાય જતું કે જરૂર કાંઈક કારણ હશે.

આગે કહ મૃદુ બચન બનાઈ પાછે અનહિત મન કુટિલાઈ.

લગભગ બપોરે બારની આસપાસ ભગવાને પૂજા માટે બોલાવી. મારા મનમાં અજાણ્યા બની પૂજા કરવાનો ભાવ નહોતો પણ ભગવાનના કહ્યા વગર તે નિયમ મારા માટે શા માટે લાગુ કરું ? તે ભાવથી ચરણ સ્પર્શ કરી ચરણામૃત લેવા જતાં ભગવાને ચરણ હટાવી લેતા કહ્યું, '' રમા, મૈ ને તીન મહિને કે લિયે નિયમ લિયા હૈ.'' મને ખબર મળી ગયેલા તે મેં જણાવ્યું

તો કહ્યું,''દેખા ના કિતની ચાલાક હૈ તુમ સાવધાન રહના.''

મેં કહ્યું, ''ભલે ભગવાન મેં આપકા નિયમ નહીં તોડુંગી પરંતુ એક બાત પૂછું કિ આપને ઐસા નિયમ કયોં લિયા?'' તો જણાવ્યું, '' સાગરમેં બહુત હી ઝગડા હોતા થા. અચ્છા હુઆ તુમ નહીં આઈ.'' મેં કહ્યું, ''ભગવાન, યદિ ઝગડા કે હિસાબસે યહ નિયમ હો તો જો ઉસમેં શામિલ હો ઉસકે લિયે હી યહ નિયમ હૌના ચાહિયે ના? મુઝે તો આપને સાગર આને કો મના ક્રિયા તો મેં નહીં આઈ ફિર ભી યહ નિયમ મેરે લિયે ? યહ તો ''ઓર કરે અપરાધ કોઈઓર પાવ ફલ ભોગ ભગવાને કહ્યું, ''રમાં એક કે લિયે નિયમ રખૂંગા ઔર દુસરે કે લિયે નહીં તો દંભ કહા જાયેગા ના ? મેં કહ્યું, ''ઠીક હૈ

રામ બ્રહ્મ પરમારથરૂપા, અવિગત અલખ અનાદી અનૂપાઃ

મેં નિયમ નહીં તોડુંગી. '' દૂરથી પૂજન કરી લીધા બાદ પ્રણામ કરતાં પીઠ પર બે ત્રણ ધબ્બા મારી દીધા. મેં કહ્યું, ભગવાન આપકા નિયમ તૂટ ગયા ?'' તો કહ્યું, ''પ્રેમમેં નેમ નહીં'' સર્વશકિતમાન પ્રભુ નિયમ લઈ પણ શકે છે અને તોડી પણ શકે છે. મને લખી આપ્યું, ''સ્પર્શ કી બાત ઉસે ન કહના. વહ બડી ચાલાક હૈ, બસ સાવધાન રહના.''

પૂજન કરી જમીને આવ્યા બાદ બપોરે હોલની એક દિવાલને અડીને ભગવાન પાટ પર બિરાજતા હતા. હું સામેની દિવાલને ટેકો લઈ દૂર બેઠી હતી. પેલા બહેન મારી બાજુમાં આવીને બેઠા. તેઓ ભગવાનથી આટલે દૂર અને તે પણ મારી પાસે કદી બેસે નહીં. આ જોઈ ભગવાને તરત ચિઠ્ઠી લખી મેકલી.

દેખો....તો : ઠીક પર...સે તુમારા પ્રેમ હો ગયા હૈ સાવધાની સે સ્નેહ નિભાના મેળે કો દુઃખ પહોંચે એસી કોઈ અપને દોકી બાત ન દેના કર ઔર યહ મેરે લિયે કાગજ ફાડ દેના યા સુરક્ષિત રખના પહલે જૈસી ભોલી ન રહેના.

કારણ મારા ઘણાં પત્રો ચોરી લેવામાં આવતા. મેં આ પહેલાં પણ મારા વિષે તેઓએ કરેલ ઝઘડાની યાદ લખી જણાવી. જવાબમાં લખ્યું, ''ઈસીસે તો મેં કહતા હૂં કિ મેરા કહના કરે.''

શઠ સુધરત સતસંગસે, ચતુર સુભાવ ન જાય. ખલકી પ્રીતિ યથા થિર નાહીં.......

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



આ રીતે દરેક પ્રસંગમાં ભગવાન પરમકૃપા કરી મારા હિત માટે મને જાગૃત કરતા રહેતા.

રામ પ્રબોધ કિન્હ બહુભાંતી, તદપિ હોતિ નહિં શીતલ છાતી

એદ મુખથી મીઠા બેલ, એના વાણીમાં વર્મન ડેલે બેલીડા બેદલનો સંગ ના કરીએ..

બેદલ મુખથી મીઠા બોલે, એના વાણીમાં વરમન ડોલે

બેલીડા બેદલ સંગ ના કરીએ

આ નવરાત્રિના નવ દિવસ દરમ્યાન ભગવાને એક દિવસ માનસજી–માંથી અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ તથા સુંદરકાંડનો સમૂહમાં પાઠ કરાવ્યો. મને બોલાવી કહ્યું, ''ચલો રમા, તુમ સબકો પાઠ કરાવ.'' આજ સુધી સમૂહમાં કદીપણ માનસજીનું ગાન કરાવેલ નહીં અને રાગ પણ આવડે નહીં તેથી સંકોચ થતો હતો. ભગવાને કહ્યું, ''સંકોચ કયોં? મેરે સાથ સાથ ગાવ. ભગવાને અર્ધાલિથી પાઠ કરાવવાનું ચાલુ કર્યું. થોડી ચોપાઈઓ બાદ મારા પર છોડી અંદર જતા રહ્યા. થોડીવાર તો ન બોલાવી શકી પછી તો ભગવાને બતાવેલ રાગથી પાઠ કરાવ્યો. પાઠ પૂરો થવાની તૈયારી થતાં ભગવાન પાછા પધાર્યા. ભગવાને બનાવેલ, હે પ્રભુ ! અસ મન કર દો! પણ ગાવા કહ્યું. ભગવાનની સાથે ગાવાનું હતું.

શ્રી પ્રભુ–પ્રાર્થના

હે પ્રભુ ! અસ મન કર દો.... અસુરારિ ! અઘહારી ! હે હરિ જન મન બનચારી;

હે પ્રભુ ! અસ મન કર દો. (૧)

મુદિત રહે પ્રત્યેક દશામેં, તોષ સુધા રસ પાવે, જગ ભોગોં કી ચકાચૌધમેં, ભૂલ ભટક નહિં જાવે;

હે પ્રભુ ! અસ મન કર દો. (૨)

રાગ દ્વેષ ઈર્ષ્યા મદ મમતા, સપનેહિં ઈન્હે ન ધ્યાવે;

કરૈ નિરંતર ધ્યાન આપકા, પ્રેમસે ગુન ગન ગાવે;

હે પ્રભુ ! અસ મનકર દો. (૩)

અણુ અણુ ઔર પરમાણુંમેં, દેખે રૂપ તુમ્હારા,

સર્વે સમર્પણ હેય આપમેં, રહે ન અંશ હમારા;

હે પ્રભુ ! અસ મન કર દો. (૪)

ઉત્પીડક ના બને કિસીકો, હો વિનમ્ર મૃદુભાષી,

સેવા ધર્મ પરાયણ હોવે, તજ કર આશ પિશાચી;

હે પ્રભુ! અસ મન કર દો.(૫)

રામ લખનસિયપદ શિર ભાઈ, ફિરેઉ વણિકજિમિ મૂર ગંવાઈ

બના હૈ યહુ તન ભવ તરનેકો, બૂડત હે મઝધારસ,

કિજે કૃપા સફલ હો જીવન, દે દો જરા સહારા;

હી હે પ્રભુ ! અસ મન કર દો. (૬)

રામનવમીના પ્રણામ નિમિત્તે જોધપુર બાપુજીનો પત્ર આવ્યો. ભગવાનને આ વિષે વાત કરતાં કહ્યું, ''લાવ પત્ર કહાં હૈ?'' પત્ર વાંચ્યા બાદ ભગવાને એડ્રેસ વાંચ્યું, જેમાં ''રમા હરિયાણી'' લખેલું. ભગવાને એ જ આંતરદેશીય પત્રમાં પાછળ મોકલનારના એડ્રેસની જગ્યાએ લખીને આપ્યું.

''રમાં હરિયાણી નહી રમા–રમણ ઘરયાની.'' એમ સાંભળ્યું છે કે સાધુ સમાજમાં જયારે જે જીવ પ્રભુની શરણાગતિ સ્વીકારે પછી સદ્‌ગુરૂ દ્વારા દીક્ષા અપાયા બાદ તેના નામ, સ્થાન, પરંપરા વિગેરે આધ્યાત્મિક રીતે બદલી દેવામાં આવે છે તે રીતે નામ–અટક વિગેરે ભગવાને બદલી નાંખ્યું.

એક દિવસ ભગવાન પાસે એક ભાઈ એમની દીકરીને લઈને આવેલા. તે બહેને ભગવાન પાસે રડતાં રડતાં એક ભજન ગાયું, જેની છેલ્લી લીટી આ પ્રમાણે હતી. નિર્મલ આઈ શરણમેં પ્રભુ સ્વીકાર કર લો.

તેમને આ રીતે કરૂણભાવથી ગાતા જોઈને મેં ભગવાનને ચિઠ્ઠી લખી, '' ભગવાન યહ કિતના પ્રેમાલ ઔર ભાવિક જીવ હૈ ઔર આખરી પંકિતસે તો વહ નિર્મલ હૈ યહ ભી માલૂમ હો ગયા. આપકા તો પ્રણ હૈ,

**(ક્રમશઃ)**

---

# તો આંગણે આવશો...

**'મારા આંગણિયે રામ હવે આવશે રે.....**
**રામ આવશે,**
**મારા જન્મોના ફેરા હવે ટાળ શેરે.... રામ આવશે.'**

આંગણે અવસર ઉજવવા જઈ રહ્યો છે. દિવાળી પછી એક ભવ્ય દિવાળી ઘરઘર ઉજવવાની છે. ૨૨ જાન્યુઆરી એટલે રામલલ્લાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ. જેને લઈને સમગ્ર દેશમાં ખૂબ આનંદનું વાતાવરણ સર્જાયું છે.

જનજન રામમય બન્યા છે.નાના – મોટા સૌ મુખે એક જ નામ સાંભળવા મળે છે 'રામ રામ'. ત્યારે રામ જયારે અયોધ્યાની પાવન ભૂમિ પર પધારવા જઈ રહ્યા છે ત્યારે દરેક હૃદયમાં એક ઉત્સાહ હોયએ સ્વાભાવિક છે.

સનાતન પ્રત્યેનો આપણો આદરભાવ અને સન્માન સાથે આ ગૌરવની ક્ષણ છે. ત્યારે દરેક હૃદયમાં એક રાજીપો હોય અને હોવો પણ જોઈએ. કારણ કે, 'રામ માત્ર નામ નથી રામ એટલે સંસ્કૃતિ છે, રામ એટલે મર્યાદા છે, રામ એટલે જીવન જીવવાનું સાચું મૂલ્ય છે.' અને આપણે માત્ર રામના ચિત્રને નહીં રામના ચરિત્રને માનીએ છીએ.

કારણ કે રામે જીવનનાએ આદર્શો પ્રસ્થાપિત કર્યા છે કે જે વ્યક્તિને ડગલેને પગલે યોગ્ય જીવનનું માર્ગદર્શન આપે છે. તો અયોધ્યાના આંગણે તો રામ આવશે જ. આજે એક એક મોઢે રામના આગમનનું અને ઉત્સાહ ગવાય રહ્યો છે સંભળાઈ રહ્યો છે. ત્યારે જો રામને આંગણે બોલાવવા હશે તો અંતરને અયોધ્યા બનાવવું પડશે.

રામ કયાં આવશે ? તો એનો જવાબ છે જયાં ત્યાગ છે, પ્રેમ છે, સ્નેહને સન્માન છે. જયાં આજે પણ પિતાના વચને બધું છોડી શકવાની તૈયારીને ત્યાગ ભાવના છે, જયાં ભાઈ માટે સ્મિત સાથે સંપત્તિ આપી દેવાની સમર્પણવૃતિ છે. જયાં સ્ત્રી સન્માન માટે જંગે ચડવાનું સાહસ અને સામર્થ્ય છે. જયાં દરેક સંબંધની યોગ્ય મર્યાદા છે. જયાં દરેક વ્યક્તિ માટે સમાન આદર ભાવ છે. જયાં કર્તવ્યનું પાલન છે,અને કર્તવ્ય પ્રત્યે પૂરી નિષ્ઠા છે. અને જે નજરમાં દરેક પરસ્ત્રી માટે માતૃત્વનો ભાવ છે. ત્યાં રામ આવશે.

## અનુભૂતિનાં અક્ષરો

- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ



'જયાં તારૂં તારૂં કરી આપવાની ભાવના છે ત્યાં રામાયણ છે ને રામ છે, બાકી જયાં મારૂં મારૂં માની લઈ લેવાની, પામી લેવાની કે હાંસિલ કરવાની ઘેલછા છે ત્યા મહાભારત સર્જાય છે.'

એટલે આ ૨૨ જાન્યુઆરીએ અયોધ્યાના મંદિરમાં તો રામ બિરાજીત થઈ જશે. પરંતુ રામને આપણા અંતરના આંગણે બોલાવવા હશે તો, જયારે આપણા વાણી, વર્તનને વ્યવહાર રામમય થશે ત્યારે જો એકવાર અંતઃકરણમાં ડોકિયું કરશું તો રામ મળી જશે.પણ એ માટે હૃદયમાં રામ છે એ સમજ જીવનમાં લાવવી પડશે.

કારણકે, 'ઘણાંને ડર છે કે એ જુએ છે અને ઘણાંને વિશ્વાસ છે કે એ જુએ છે.' અને આ બે ભાવ હૃદયમાં હોવા ખૂબ જરૂરી છે કારણ કે બસ એ વિશ્વાસ કે આસ્થા કે હૃદયનો રામ જુએ છે એ સંઘર્ષમાં લડવાની હિંમત આપે છે. અને આગળ વધતા રહેવાની પ્રેરણા આપે છે. જયારે રામ જુએ છે એનો ડર અયોગ્ય રસ્તે જતા અટકાવે છે. ખોટી ડગર પરથી પાછા વાળે છે. અને જયારે આખી દુનિયાને રાજી કરવાના પ્રયત્નો છોડી હૃદયના રામને રાજી કરવા જીવન જીવાશે ત્યારે ખરેખર રામ આવશે.

**જેને મારી ચાર લાઈનમાં કહું તો,**

**'થાશે પુરણ સઘળા કામ,**
**અંતર થશે અયોધ્યા ધામ,**
**હૃદયે રાજી રહેશે રામ,**
**આવશે આંગણ ત્યારે રામ .**

---

# શ્રી રામ જન્મભૂમિ–અયોધ્યા

આગામી પોષસુદ બારસ વિક્રમ સંવત ૨૦૫૦ સોમવાર એટલે કે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ નાં શુભ અવસરે શ્રીરામ જન્મભૂમિ પર નિર્માણ થયેલા મંદિર જેનાં ભૂતળનાં ગર્ભગૃહમાં શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા થશે. રામ મંદિર એક મહત્વપૂર્વ હિંદુ મંદિર છે જે ભારતની અંદર ઉત્તરપ્રદેશ અયોધ્યામાં સ્થાપિત છે. આ મંદિર હિંદુ ધર્મનાં પ્રમુખ દેવતા રાજા રામની જન્મભૂમિ છે.

જયારે અયોધ્યાની વાત કરીએ તો પ્રાચીન સમયની અંદર અયોધ્યાને સાંકેત નગર તરીકે પણ જાણવામાં આવતું. અયોધ્યાની શોધ રાજા વિક્રમ આદિત્ય એ કરેલી હતી. અયોધ્યાની અંદર મુખ્ય તહેવારો રામનવમી જેમની અંદર રામલલા ના જન્મની બાબતોનો સમાવેશ છે ત્યારબાદ દશેરા એટલે રાવણનાં વધની બાબતોનો સમાવેશ છે. અને ત્યારબાદ અતિ મહત્વપૂર્ણ દિવાળી જેમની અંદર શ્રીરામ ના સ્વાગતની બાબતોનો સમાવેશ થાય છે. શ્રીરામ ચૌદ વર્ષનાં વનવાસ બાદ પરત અયોધ્યાની અંદર પધારે છે.

ત્યારબાદ જયારે આપણે શ્રીરામ મંદિરની રનાની વાત કરીએ તો તેમની રચના નાગરશૈલીની અંદર કરવામાં આવે છે. ભારતનાં મોટા ભાગના મંદિરોની રચના નાગર શૈલીની અંદર જ કરવામાં આવે છે. જેમની અંદર મંદિર એ શંકુ આકારનું શિખર જોવા મળે ત્યારબાદ શિખર પર કળશની ગોઠવણ સાથે–સાથે મુખ્યગર્ભગૃહની રચના અર્ધમંડપ જેવી જોવા મળે છે. વર્તમાન સમયની અંદર શ્રીરામ મંદિરની સોંપણી શ્રીરામ જન્મભૂમિ તીર્થ મંડળ ટ્રસ્ટ ને સોંપવામાં આવી છે. તેમના દ્વારા મંદિરની અંદર પાંચ મંડપ જોવા મળે છે. જેમની અંદર નૃત્ય મંડપ, રંગ મંડપ, સભા મંડપ, પ્રાર્થના મંડપ અને કીર્તન મંડપ ની રચના કરવામાં આવી છે. રામ મંદિરને અનેક નામોથી પણ ઓળખવામાં આવે છે. જેમકે, '' શ્રીરામ જન્મભૂમિ'' તથા ''અયોધ્યા મંદિર''.

દિયા એમ. રૂપારેલ
: અમરેલી :



''શ્રીરામ'' શ્રીરામની વાત કરીએ તો તે ઘણા બધા નામોથી પ્રખ્યાત છે જેમ કે રામચંદ્ર, રઘુ તથા દશરથી જે વિષ્ણુ ભગવાનનાં અવતાર હતા.

**શ્રી રામ ચંદ્ર કૃપાલુ ભજમન**
**હરણ ભાવ ભય દારૂણમ્ ।**
**નવકંજ લોચન કંજ મુખકર કંબ**
**પદ કન્જારૂણમ્ ॥**

**અર્થાત્,**

શ્રીરામચંદ્ર દયાળુ, ભકિતઓની લાગણીને સમજનાર, પાપીઓનો નાશ કરના જેમની આંખો, ચહેરો, ચરાગ જે કમળ જેવા સુંદર એવું તેમનું વ્યકિતત્વ.

આ બ્લોકની અંદર તેમના સ્વભાવની પણ વાત કરવામાં આવી છે. પોતે રાજા હોવા છતાં જે પૃથ્વીનાં જન્મદાતા હોવા છતાં તેમના ચહેરા પર કયારેય અભિમાન નહિ પરંતુ હંમેશા બધા માટે દયા અને સ્નેહનો જ ભાવ જોવા મળે છે. જેમની પાસે અત્યંત શકિત અને સત્તા હોવા છતાં તેમણે કયારેય તેમનો દૂરપયોગ નહિ પરંતુ જનતાના હિતમાં જ ઉપયોગ કર્યો. જેમણે હંમેશા સ્ત્રી સ્ત્રી સન્માન તથા સ્ત્રી ત્યાગનો વ્યકિતત્વનો ભાવ આપણી અંદર જગાડવાનો પ્રયત્ન કર્યો છે. હંમેશા તેમણે ત્યાગનો સ્વીકાર પ્રસન્ન મનથી જ કર્યો છે.

શ્રીરામ, શ્રીરામ ભજવાથી જ ભગવાન પ્રસન્ન નહિ થાય પરંતુ તેમના વ્યકિતત્વને સમજી, જાણી સૌ એ માર્ગ પર ચાલશું એવો સંકલ્પ લેવાનો છે અને શ્રીરામ મંદિરનાં મંદિર નિર્માણ દ્વારા હંમેશા એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે હંમેશા સત્ય અને ધર્મની જ સ્થાપના થતી હોય છે.

**જય શ્રી રામ.**

---

# સમજણ એ જ નારાયણ

હમારી આખી જાત તુમ્હારી ઈશ્વરજી, તુમ બિન સબહું બાત હમારી નશ્વરજી'' – હિતેન આનંદપરા

આપણ ભારતદેશની ભૂમિ, આપણાં કાઠિયાવાડની ભૂમિ તો પવિત્ર ભૂમિ છે. જે ભૂમિ ઉપર સ્વયમ ભગવાનને, માતાજીને અવતાર ૄલેવો ખુબ ગમ્યો છે. એવી આ સ્વનામ ધન્ય ભોમકાની મહતાને લખવા કે આંકવા તો લાખો શબ્દો પણ ટુંકા પડે'' જે ભૂમિ ઉપર ભોળાનાથ મહાદેવ, મર્યાદા પુરૂષોતમા ભગવાન શ્રી રામચંદ્રજી, પુર્ણ પુરૂષોતમ ભગવાનશ્રી કૃષ્ણ, ભગવાન ગુરૂ દતાત્રેયના અવતરણ થયાં હોય, ભગવાન સ્વામિનારાયણ આદ્ય શકિત, માતા જગદંબા અંબાજી, ચોટીલા ચામુંડામાં મહાકાળીમાં જેવી જગત જનનીઓનાં જયાં સ્થાનક



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

હોય, બેસણા હોય તે ભૂમિનો પાવન પ્રતાપ કેટલો હશે ? તે મુલવવું કયાં સહેલું છે ? અનેક સંતો, મહંતો, ઓલીયાઓ, સાધુજનો અને સેવા– સદક્રમોનાં ભેખધારીઓએ આપણી માતૃભૂમિનાં ખોળામાં પોતાનાં યજ્ઞકાર્યો સંપન્ન કરીને જનજીવનને એક સાચી દિશા બતાવી છે. સમાજમાં ધર્મ અને જ્ઞાનની જયોતને કાયમ ઝળહળતી રાખી છે. જેમનાં પુણ્ય–પ્રતાપે આજે પણ ચારેયા દિશામાૃ ધર્મની ધજાઓ ફરકી રહી છે. અધર્મમાં હજુ પણ ફફડાટ વર્તાય છે.ભારતદેશની અને ગુજરાત રાજયની પ્રજાએ ધર્મપ્રેમી પ્રજા છે.

ધર્મ અને અધ્યાત્મ તેમની રગોમાં લોહીની જેમ જ દોડે છે ! આ ઉત્સવપ્રિય પ્રજા કાયમ પોતાનાં દરેક કાર્યમાં, વ્યવહારો અને તહેવારોમાં ધર્મને જીવન અને રીત–રિવાજો સાથે જોડીને દરેક કાર્ય કરે છે. ધર્મને જ પોતાનું જીવન રસાયણ માને છે. અને તેથી જ પ્રભુની આ ધરતી ઉપર વિશેષ મહેર રહી છે. ! જનમાનસને ધર્મ અને તેનાં રહસ્યો સમજાવવા, ઉજાગર કરવા સમયાંતરે ધર્મગુરૂઓ, સંતો, વિદ્વાનો, મહાપુરૂષોનોૃ પ્રાદુર્ભાવ થતો રહયો છે. જેમણે પોતાનાં ૄતપ, જ્ઞાન, સંસ્કારો, સિદ્ધિઓ અને સમજણનાં આધારે સદાય જનમતને ઘડયો છે !! પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી (દાદાજી) ભકિતની સૌથી ઉત્કૃષ્ટ ચરમસીમાનો બોધ આપતાં કહે છે કે : જે માણસ સર્વગુણ સંપન્ન હોવાં છતાં પ્રભુને કહે કે : હું કશું જ જાણતો નથી, અને જે માણસ કોઈ પણ કાર્ય કરવાં સંપુર્ણ પણે સક્ષમ અને કાર્યરત હોવાં છતાં પ્રભુની પાસોૃ સહજતાથી કબુલે કે ''હું કશુ જ કરતો નથી, આ જ ભકિતની સૌથી ઉંચી ટોચ છે.

જે માણસ પોતાનાં દરેક કાર્યથી લઈને શ્વાસો–શ્વાસમાં પ્રભુને સાથે રાખે ૄછે. તેની ભકિતનીતો પ્રભુ પોતે રાહ જુએ છે ! કદર કરે છે !!

**નવનીત :કાયમ હૃદયમાં ભાવ રાખો : હરિ જે કરશે એ મારા હિતનું જ હશે !**

---


## ઈમાનદારી

આઈપીએસ ઓફિસર મનોજકુમાર શર્માના જીવન આધારિત બનેલી ફિલ્મ ૧૨th ફેલ # Restart, તે ફિલ્મ માં એક તેમની સાથે બનાવ બન્યો છે, જયારે તેઓ એક લાઈબ્રેરીમાં જોબ કરતા હોય છે ત્યારે તેમનો માલિક તેમને ન્યૂઝ પેપરની રદ્દી વેચવાનું કામ સોંપે છે અને તે રદ્દી વેચી નાખે છે અને તેમને તે રદ્દી ના ૪૮૦૦ પૈસા મળે છે. જયારે તેમનો માલિક તેમને બોલાવે છે અને તેમને રદ્દીના આટલા જ પૈસા કેમ મળ્યા તેના વિશે પુછે છે ત્યારે મનોજ કહે છે મને જેટલા પૈસા રદ્દી વાળાએ આપ્યા છે તેટલા મે તમને આપ્યા, અને તેનો માલિક કહે છે કે ગયા મહિને મને ૬૮૦૦ પૈસા આ રદ્દી ના મળ્યા હતા, તેમ છતાં પણ તેમનો માલિક મનોજ પર ખોટો ઈલજામ લગાવતા કહે છે કે તે જ આમાંથી પૈસા લીધા છે અને મનોજ પોતે ઈમાનદાર હતો એટલે તેને પોતાની સાબિતી ના આપી અને તે લાઈબ્રેરીમાંથી જોબ મૂકી દે છે. કેમકે તેને નાનપણથી જ પોતાના પિતા પાસે ઈમાનદારી નો ગુણ મેળવ્યો હતો.

જો તમે સાચા છો તો તમને સાબિતી આપવાની જરૂરત નથી પછી તે સામેવાળી વ્યકિત કોઈ પણ હોય. મારા જીવનમાં પણ એક આવી જ ઘટના બનેલી છે, એક વખત હું જોબ માટે ઈન્ટવ્યૂ આપવા માટે ગઈ હતી ત્યારે મને જે પણ પ્રશ્નો પૂછવામાં આવેલા હતા તેના મે સાચી રીતે અને ઈમાનદારીપૂર્વક જવાબ આપ્યા. ભલે તે કામ માટે મારી પાસે અનુભવ નહોતું તેમ છતા મારી ઈમાનદારી જોઈને સરએ મારી જોબ માટે પસંદગી કરી લીધી. આજે જયારે જીવનસાથીની પસંદગી કરવામાં આવે છે ત્યારે તેમાં હંમેશા તે કેટલો ઈમાનદાર છે તે જોવામાં આવે છે પછી ભલે તે દેખાવમાં સારો ના દેખાતો હોય. કેમકે અત્યારે ખોટું બોલવું વધારે સરળ છે, પરંતુ પછી તેમાં તમને પરેશાની નો સામનો કરવો પડે છે. શરૂઆતમાં સાચું બોલવું અગરૂ છે પરંતુ પછી તમને સુકુંન આપે છે.

તમે કોઈ પણ પ્રકારની પરીક્ષા ની તૈયારી કરો છો. અથવા તો તમને જે કાર્ય સોંપવામાં આવે છે તેમાં તમે સખત પરિશ્રમ કરીને અને ઈમાનદારી પૂર્વક કાર્ય કરશો તો તમને તેમાં ધાર્યા કરતાં વધારે સફળતા મળશે.

**સારાંશઃ–** દરેક માનવીની સફળતા પાછળ કયાંક પણ જબરદસ્ત સચ્ચાઈ અને જબરદસ્ત પ્રમાણિકતા રહેલા હોવા જ જોઈએ.જીવનમાં તેની અસાધારણ સફળતાનું કારણ જ એ છે.



: લેખ :
ક્રિમા વી. બુદ્ધભટ્ટી
કોટડા (જ).

---

**મનુષ્યનું આંતરમન – અદભૂત મિત્ર**

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

(૧) મનુષ્ય જન્મ ચિંતામણી, મળ્યો તને આ વાર કામ મૂલ્ય થી વેચમાં ચિંતામણી ગમાર...

સુપર એકસપ્રેસ ટ્રેન પણ સ્ટેશન આવે ત્યારે અટકે છે. જિંદગી પણ ટ્રેન જેવી છે. આપણે આપણું સ્ટેશન આવે ત્યારે ૄઉતરી જવું પડે છે. વ્યથાની કથા કહેનાર યાત્રી ઉતરી ગયા પરંતુ તેમની વાત મનનો કબજો જમાવી.

હજી વિચાર કરતો હતો. ત્યારં એક ઉપરની સીટ ઉપરથી યાત્રી આવ્યા અને પુછયું.. પેલા ભાઈની કથા મેં સાંભળી છે.. પણ હું તેમનીૄસાથે વાત કરૂ... તે પહેલાં તો ઉતરી ગયા છે.... ! મારે તેમની સાથે વાત કરવી છે.

ખરેખર જીવનમાં હજી ઘણા ૄસાથે દિલથી વાતો કરવાની ઈચ્છા હોય ત્યાં સ્ટેશન આવી જાય છે. અને પછી કાયમી પસ્તાવો રહી જાય છો. કે મારે વાત કરવી હતી.એ ભાઈએ મને સંદેશ આપ્યો કે તમે મારા મનની ૄવાત કહો : ''જિંદગી ખુબ સુંદર છે'' તેમ કહી આ વાત કહી :

''જીત્યો જે જાતને રે કે જંગ જીતી ગયો.''

''જે ગમ્યું જગત ગુરૂદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો. આપણો ચિન્તવ્યો અર્થ' કહી' નવ સરે, ઉગરે એક ઉદવેગ ધરવો.''


પ્રેમ એક તેજસ્વી લાગણીનો અંશ છે તેનો પ્રકાશ પામવો મનુષ્ય જીવનનો હેતું છે. જીવનમાૃ પ્રેમનાં ગુણથી માનવતા, દયા, કરૂણા, પ્રગટ થાય છે.તેથી તે કોઈનું કાંઈ ખરાબ કરે નહિ. કોઈનું અહિત ન કરે પ્રેમપંથનો મુચાફર કરૂં વાણી, કરૂ વર્તન, સ્વભાવ દોષ, જોતો નથી પ્રેમપૂર્ણ દિલ આશિષ વરસાવે છે. શુભેચ, મૈત્રી ઈચ્છે છે.''

તે ભાઈને કહેજો કે સ્નેહી તો દોષ ન જુએ, ભીતર વસતા આત્માને પુછે કે શું થયું ? કેમ થયું ? પરિસ્થિતિનો વાંક સંજોગોનો વાંક ? ગમે તે હોય પણ દોષ જોયા વગર આત્મ દર્શન કરવાથી શાંતિ મળશે. ખરો પ્રેમ તો સર્વત્ર પ્રભુનાં દર્શન કરે છે. પ્રેમ બીજાને સુખી કરવા તલસે છે.

સાચા પ્રેમમાં બદલાની આશા નથી, ખરેખર જે ભાઈ વાત કરતા હતા. તેમનું દિલ સાફ છે. જેનું દિલ સાફ તેના સો ગુના માફ પવિત્ર સંબંધ છે. વરસોનાં વરસ પછી શુધ્ધ અને અગ્નિપરીક્ષામાંથી પસાર થયો છે. તેથી તે જરૂર ચમત્કાર તેમને આપશો.

મે કહયું હા.... ભાઈ તેઓ પણ સમજું હોવાથી જીવનનો કોઈ ગેરમાર્ગ વિચારેલ નથી. પોતાનાં અહંમ ભાવનું બલિદાન આપી જાણે છે. જીવનને શુધ્ધ બનાવવાં સ્વાર્થ વૃતિનું બલિદાન આપી પ્રેમની જયોત પ્રગટાવી રાખી છે. સાચવી રાખી છે.

ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા



આ તો અંગત મિત્રને કારણે જ આ વાર્તાલાપ થયો બાકી આ વાત કોઈને પણ કહી શકે તેવા નથી. પ્રેમને ત્યજી દેવા કરતા એમાંથી નીપજતાં દુઃખને સહન કરવાનું પસંદ કરે છે.

હે મનુષ્ય.... દુઃખમાં પણ... પોતાનાં પ્રેમને વફાદાર રહેવું અહમને એક બાજુ રાખી સત્ય, પ્રેમમાં, શ્રધ્ધા રાખવીએ મનુષ્ય મટી દેવ બનાવાનોૃ માર્ગ છે. દ્રઢ સંકલ્પ બની વાળા માનવીઓ જ સફળ થાય છે. જયારે ખરેખર જીવનમાં પ્રેમ પ્રગટ થાય છે. ત્યારે અન્યનાં સુખદુઃખ આપણને આપણાં જ સુખ દુઃખ લાગે છે. ત્યારે હવે પ્રેમપાત્ર વચ્ચેનાં ભેદભાવ નષ્ટ થતાં અદ્વૈતનો માર્ગ મળે છે. સર્વમાં પ્રભુનાં દર્શન થાય છે. ત્યારે શોક, વિરહ રહેતો નથી. જયાં પ્રેમ છે.

પ્રભાવ છે. સાચી ચાહનાૃ સિધ્ધ થાય છે. પ્રેમ ભકિતનો માર્ગ છે.

બદલાની આશા રાખીએ નહિ. કોઈપણ દોષ જોઈએ નહિ. ખામીઓ, સ્વભાવના દર્શનને બદલે ભકિતભાવથી નિહાળીએ....!

સુખ–સૌદર્યના હવામાનમાં એકાકાર થઈ મનુષ્ય મટી મહામાનવ બને છે. અને પુર્ણતાનું ધ્યેય પ્રાપ્ત કરી જીવન સુખી અને સાર્થક બનાવે ૄછે. સુખ વસે છે.

સમજણમાં, આત્મભાવ ખરા અર્થમાં એકબીજાને સાક્ષાત્કાર કરવો જોઈએ...!

આ બધુ કહેનારને મેં હસીને કહયું ખુબ સારી વાત કહી પરંતુ આ બધું જ્ઞાન બાલસખિએ પહેલેથી જ લખીને જ ભવિષ્યની કલ્પનાં કરી આપી દીધું હતું.

એમની પાસે આ બધુ જ જ્ઞાન છે. પરંતુ પરિસ્થિતિ આગળ કેટલુંક જ્ઞાન મૌન બની જાય છે. સમયનો સુરજ આ બધા પ્રશ્નોનો ઉકેલ આપવા તત્પર છે.

જરા ઉંચે જુઓ તારાઓ ટમટમી રહયાં છે. હવે સવાર થવાને કયાં વાર છે. ?

**''શુભ ભવતું – અપુર્ણ**

Aikyam
ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
■ શું આપને ઉદાસી રહે છે ? ■ રડવું આવે છે ?
■ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
: ક્લિનીક સમય :
સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...
जय श्री राम
अयोध्या
राम मंदिर
આનંદ (બાબરાવાળા) કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
54,490/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રી રામ મંદિર નાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી રામ નાં ચરણોમાં શત્ શત્ વંદન...
जय श्रीराम
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ
એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯, ૨૨૦૯૨૦

Sheetal
BUY 1 GET 1 OFFER
FREE
TRADITIONAL KULFI
* ON ORDER OF ANY PIZZA *
Sheetal Garden Parlour Atal Park, Collage Circle, Amreli. 10:00am to 11:00pm

ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...
अयोध्या राम मंदिर

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રી રામ મંદિર નાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી રામ નાં ચરણોમાં શત્ શત્ વંદન...
जय श्रीराम
... શ્રી રામભક્ત ...
શ્રી જયમલભાઇ ચુડાસમા | શ્રી જોરૂભાઇ ચુડાસમા
શ્રી વિમલભાઇ ચુડાસમા | શ્રી નિકુંજભાઇ ચુડાસમા
શ્રી હિતેષભાઇ ચુડાસમા
ચુડાસમા પરિવાર-અમરેલી

ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...
अयोध्या राम मंदिर

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રી રામ મંદિર નાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી રામ નાં ચરણોમાં શત્ શત્ વંદન...
... શ્રી રામભક્ત ...
શ્રી હસમુખ દેસાઈ
મીના દેસાઈ
અમરેલી

ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...
॥ जय श्रीराम ॥

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રી રામ મંદિર નાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી રામ નાં ચરણોમાં શત્ શત્ વંદન...
... શ્રી રામભક્ત ...

ઈતેશભાઈ મહેતા (જિલ્લા અધ્યક્ષ, વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી)
વિજયભાઈ દેસાઈ (જિલ્લા ઉપાધ્યક્ષ, વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી)
રશ્મિનભાઈ ત્રિવેદી (જિલ્લા ઉપાધ્યક્ષ, વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી)
ઈશ્વરભાઈ રાજ્યગુરૂ (જિલ્લા સહ મંત્રી, વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી)
પંકજભાઈ ત્રિવેદી (જિલ્લા કોષાધ્યક્ષ, વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી)
દિલીપસિંહ ઠાકોર (જિલ્લા સમરસતા સંયોજક, વિ. હિન્દુ પરિષદ, અમરેલી)
યુવરાસિંહ પલવાર (જિલ્લા સેવા પ્રમુખ, વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી)
પ્રમોદભાઈ દીક્ષિત (જિલ્લા સહ સેવા પ્રમુખ, વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી)
પ્રકાશભાઈ મહેતા (વિશેષ સંપર્ક , વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી)
કમલેશભાઈ અગ્રાવત (જિલ્લા સત્સંગ સંયોજક, વિશ્વ હિન્દુ પરિષદ,અમરેલી)
વિદુરભાઈ ડાબસરા (જિલ્લા સંયોજક, બજરંગ દળ, અમરેલી)
જીગીશુંભાઈ મહેતા (જિલ્લા સહસંયોજક, બજરંગ દળ, અમરેલી)
અશ્વિનભાઈ વઢેલ (જિલ્લા સહસંયોજક, બજરંગ દળ, અમરેલી)
મહાવીર વીંછિયા (સંયોજક, બજરંગ દળ, અમરેલી નગર)
પ્રતાપસિંહ રાઠોડ (અધ્યક્ષ, અમરેલી નગર, વિશ્વ હિન્દુ પરિષદ,)
રમેશભાઈ સોરઠીયા (અધ્યક્ષ, અમરેલી ગ્રામ્ય, વિશ્વ હિન્દુ પરિષદ,)
નિલેશભાઈ શેખલિયા (પ્રખંડ/અધ્યક્ષ, લીલીયા, વિશ્વ હિન્દુ પરિષદ,)
હર્ષદભાઈ વ્યાસ (અધ્યક્ષ, લાઠી વિશ્વ હિન્દુ પરિષદ)
ઘનશ્યામભાઈ પરમાર (અધ્યક્ષ, દામનગર વિશ્વ હિન્દુ પરિષદ)
ગજેન્દ્રસિંહ શેખવા (અધ્યક્ષ, બાબરા વિશ્વ હિન્દુ પરિષદ)
સંજયભાઈ લાખાણી (અધ્યક્ષ, કુકાવાવ વિશ્વ હિન્દુ પરિષદ)
અશોકભાઈ બાબરીયા (અધ્યક્ષ, બગસરા વિશ્વ હિન્દુ પરિષદ)
શિવરાજસિંહ વાળા (અધ્યક્ષ, ધારી વિશ્વ હિન્દુ પરિષદ)
મનીષભાઈ ઢોલરિયા (અધ્યક્ષ, વડીયા વિશ્વ હિન્દુ પરિષદ)
રમિલાબેન પટોળીયા (જિલ્લા સાયોજીકા માતૃશક્તિ, વિ. હિન્દુ પરિષદ, અમરેલી)
શેજલબેન સાંગાણી (સાયોજીકા, દુર્ગાવાહિની, અમરેલી)

ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...
॥ जय श्रीराम ॥

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રી રામ મંદિર નાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી રામ નાં ચરણોમાં શત્ શત્ વંદન...
હવે ઘરે જ બનાવો...
મજેદાર મસાલા
પરિવાર - અમરેલી
ગોપાલ ફૂડ્સ

ભગવાન શ્રી રામ ના ચરણોમાં શત્ શત્ વંદન...
शुभ लाभ

અયોધ્યા ખાતે ૨૨ જાન્યુઆરી-૨૦૨૪ ને સોમવારનાં રોજ યોજાનારા ભગવાન શ્રી રામ મંદિર નાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી રામ નાં ચરણોમાં શત્ શત્ વંદન...
... શ્રી રામભક્ત ...
શ્રી જનકભાઈ તળાવીયા
ધારાસભ્ય
લાઠી-બાબરા
વિધાનસભા


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)